॥ હરિઃૐ ॥

Publishers **HARIOM ASHRAM**, Nadiad, Gujarat

હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 5 • Issue : 4 • 5th January, 2023 • Price : Rs. 10



વસંતપંચમી - દીક્ષાદિન - શતાબ્દિ વર્ષ ઉત્સવ (૧૯૨૩ - ૨૦૨૩)

હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે તા. ૨૯-૦૧-૨૦૨૩ ને રવિવાર

(વધુ વિગત પાન નં. ૨ ઉપર આપેલ છે.)

પૂજ્ય શ્રીમોટાને સદ્‌ગુરુ શ્રી બાળયોગીજી મહારાજે
વર્ષ ૧૯૨૩માં વસંતપંચમીના દિવસે દીક્ષા આપેલ.
જેને વર્ષ ૨૦૨૨-૨૩માં સો વર્ષ થતાં હોઈને હરિઃૐ આશ્રમ નડિયાદ દ્વારા
શતાબ્દિ ઉત્સવ વર્ષ (૧૯૨૩-૨૦૨૩) તરીકે ઉજવણી કરવાની હોઈને
અમોને યજમાન તરીકે સદરહુ ઉજવણી કરવાનો અવસર મળેલ છે
તો સૌ સ્વજનોને તેઓના મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આપના વહાલા સ્વજનાધિન
પૂજ્ય શ્રીમોટાના અનન્ય સ્વજન
સ્વ. શ્રી લક્ષ્મણભાઈ (બચુભાઈ) આર. ગાંધીના સુપુત્રી
(વાડીલાલ આઇસ્ક્રીમ)

અ.સૌ. હર્ષાબેન વંદનભાઈ ગાંધી
તેમજ
શ્રી વાડીલાલ ડી. ગાંધીના સુપુત્ર
શ્રી વંદનભાઈ વી. ગાંધી પરિવાર

ફર્મ : પ્રિન્ટ એન પેક (પ્રા.) લિમિટેડ

વસંતપંચમી શતાબ્દિ ઉત્સવ વર્ષ (૧૯૨૩-૨૦૨૩) કાર્યક્રમ

તા. ૨૯-૦૧-૨૦૨૩ ને રવિવાર

સવારે	૭-૩૦ થી ૮-૦૦	નાસ્તો, ચા, કોફી
	૮-૦૦ થી ૧૨-૩૦	પ્રાર્થના, હરિઃૐ ધૂન, ભજન, મંગલાષ્ટક
	૧૨-૩૦ થી	ગુરુવંદના, આભારવિધિ

સ્થળ
હરિઃૐ આશ્રમ
દખ્ખણિયો ઓવારો, શેઢી નદી કાંઠે, જૂના બિલોદરાગામ,
નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

સંપર્ક

આશ્રમ	૭૮૭૮૦ ૪૬૨૮૮	મંગેશભાઈ પટેલ	૯૮૨૫૦ ૮૩૦૮૦
પરેશભાઈ	૭૪૦૮૯ ૨૦૭૫૭	રાજેન્દ્રભાઈ રાવલ	૯૯૭૮૪ ૦૫૨૩૧

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૫, અંક-૪ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૩

હવે પહેલી વાત

શરીર પ્રભુની ભેટ છે. એના પ્રત્યે બેદરકાર ન રહો. તેમજ એને યોગ્ય રીતે પાળો અને પોષો. શરીર પ્રભુનું મંદિર છે એને પૂરી સમજ અને ધીરજથી નીરોગી રાખવા પ્રયત્નશીલ બની રહો. છતાં ક્વચિત્ રોગ થાય તો – ડરો નહિ-રોગનું કારણ શોધો. એનો કુદરતી ઉપચાર કરો. ઔષધ-જરૂર જણાય ત્યારે નિર્દોષ ઔષધ-ગંગાજળ જેવું પવિત્ર માનીને પ્રમાણસર અને નિયમિત લો.

આ બધું કરતાં કરતાં પ્રભુને પ્રાર્થના કરો કે પ્રભુની સેવા કરવા ખાતર એ પ્રભુ તમારા શરીરને નીરોગી બનાવે. હંમેશા સ્વાસ્થ્ય અને કલ્યાણની ઝંખના કરો. યાદ રાખો કે આપણને સો વર્ષના આયુષ્યનું વરદાન મળેલું છે.

જન્મ વખતે ઘણા વડીલોએ એ વરદાન વાંચીને આશીર્વાદ આપ્યા છે. પણ આ આયુષ્ય વૈભવવિલાસમાં ડૂબીને શરીરને નિર્માલ્ય બનવા માટે નથી મળ્યું. એ સો શરદ (વર્ષ) આપણને પ્રસન્નતાથી અને શાંતિથી જીવવા માટે મળ્યાં છે. શરીરની-મનની-બુદ્ધિની-ચિત્તની અને પ્રાણની ઉત્ક્રાંતિ સાધવા એ વર્ષો મળ્યાં છે. રોદણાં રડતાં જીવવાથી તો જીવન વેઠ બનશે. એનાં કરતાં શાંતિનો અનુભવ કરવા શરીરને સાધન માનો-એની પૂરતી સંભાળ રાખો. પ્રભુએ આપેલી શક્તિનો એ માટે ઉપયોગ કરો. શરીરના આયુષ્યને જોગવી લો !

સર્વે જનાઃ સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા દુઃખમ્ કશ્ચિત આપ્નુપાત્.

('શરીરસુખ' પ્ર.આ., પૃ. ૮૧ થી ૮૪)

હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ એવોર્ડ એન્ડોમેન્ટ
હરિઃૐ આશ્રમ ઠરાવ ક્રમાંક : ૧૮૦/૨, તા. ૨૨-૯-૭૩, નડિયાદ.

ઉપરોક્ત ઠરાવ પૂજ્ય શ્રીમોટાની સૂચનાનુસાર કરવામાં આવેલ. તે સમયે આ એવોર્ડ માટે રૂા. બે લાખની રકમ સ્થાયી સખાવત ફંડ માટે પીઆરએલ અમદાવાદ સાથે સલાહ મસલત કરીને આપવામાં આવેલ. જે તે સમયે તેના વ્યાજમાંથી કુલ ચાર વૈજ્ઞાનિક દરેકને એવોર્ડમાં રૂા. ૩૫૦૦/- આપવા. જેમાં વિજ્ઞાનની શાખાઓ જેવી કે **ઈલેક્ટ્રોનિક્સ ટેલિકોમ્યુનિકેશન, ગ્રહો અને અવકાશ વિજ્ઞાન, વાતાવરણીય અને જળવિજ્ઞાન, સિસ્ટમ વિશ્લેષણ અને વ્યવસ્થાપન સમસ્યાઓ જેવા વિષયોમાં સંશોધન કરનાર વૈજ્ઞાનિકોને** પીઆરએલની સમિતિ દ્વારા નક્કી કરીને તેઓના મોભાને અનુરૂપ તેમજ રૂપિયાના પ્રવર્તમાન મૂલ્યને લક્ષમાં લઈને એવોર્ડની રકમ સમયાંતરે વધારવામાં આવે છે. જેથી હાલમાં એક સિનિયર વૈજ્ઞાનિકને રૂપિયા ચાર લાખ પહેલા વર્ષે અને બીજા વર્ષે ચાર જુનિયર સાયન્ટિસ્ટને(જેમાં એક મહિલા સાયન્ટિસ્ટ) દરેકને રૂા. એક લાખ એટલે કે કુલ રૂ. ચાર લાખ રકમના એવોર્ડ આપવામાં આવે છે.

વિશેષમાં આશ્રમે સ્થાયી સખાવતી ફંડની રકમ જે સમયાંતરે **રૂા. ૮૫ લાખ** જેટલી હતી તેમાં **માર્ચ-૨૦૨૨માં રૂા. વીસ લાખ** આપવામાં આવેલ અને **સપ્ટેમ્બર-૨૦૨૨માં બીજા રૂા. ચોવીસ લાખ**ની રકમનો ચેક આપેલ છે. એટલે કે કુલ **રૂા. એક કરોડ ઓગણીસ લાખ**ની રકમનું **સ્થાયી સખાવતી ફંડ** પીઆરએલના એસબીઆઈ એકાઉન્ટમાં જમા થશે.

આશ્રમે સદરહુ સ્થાયી સખાવતની રકમની થાપણો રૂા. બે કરોડ જેટલી કરવાનું લક્ષ નિર્ધારીત કરેલ છે. જેથી સર્વે સ્વજનોને પૂજ્ય શ્રીમોટાએ પ્રેરેલ યજ્ઞમાં પરમાર્થે ઉદાર હાથે દાન આપવા હૃદયપૂર્વકની હાર્દિક અપીલ.

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે. બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને કરવી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ

આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮
પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭
રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧

લવાજમ

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

અનુક્રમણિકા

ક્રમ	વિષય		પૃષ્ઠ
૧.	વસંત પંચમી-દીક્ષા દિન-શતાબ્દિ વર્ષ (૧૯૨૩-૨૦૨૩)	સંપાદક	૫
૨.	સાધનાને સથવારે	- ડૉ. ઉષાબેન ખેર	૬
૩.	શરીરની ક્ષમતા	- રમેશ મ. ભટ્ટ	૮
૪.	શ્રીબાળયોગીની ચમત્કારિક શક્તિ	- પૂ. શ્રીમોટા	૯
૫.	સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ	જીવન સાર્થકતાની કેડીએ	૯
૬.	સ્વાર્થની સભાનતાની જેમ સદ્‌ગુરુની સભાનતા દરેક કર્મમાં રાખો	- મોટાવાણી	૧૧
૭.	માબાપ વઢે ત્યારે ?	ડૉ. રમેશ મ. ભટ્ટ	૧૩
૮.	નિંદારસ વિશે	- પૂ. શ્રીમોટા	૧૫
૯.	‘સદ્‌ભાવ’નો જય હો !	- રમેશ મ. ભટ્ટ	૧૭
૧૦.	માતા-પિતાનું ઋણ	- પૂ. શ્રીમોટા	૧૮
૧૧.	ધ્યાનનો હેતુ	- પૂ. શ્રીમોટા	૧૯
૧૨.	મૌનમંદિરથી અંતર્મુખતા પ્રગટે	- કાર્તિકેય ભટ્ટ	૨૦
૧૩.	સાંભળો, પણ ન સાંભળો	- પૂ. શ્રીમોટા	૨૧
૧૪.	પૂ. શ્રીમોટાની પતિ-પત્નીને પરસ્પર શીખ		૨૨
૧૫.	રાગદ્વેષ	- હરેશભાઈ રાવળ,	૨૩
૧૬.	હરિઃૐ આશ્રમનું સરવૈયુ (૨૦૨૧-૨૨)		૨૫

હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

એકાઉન્ટનું નામ	:	**હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD
બેંકનું નામ	:	BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad
સેવિંગ્સ એકાઉન્ટ નંબર	:	72850100008267
IFSC કોડ	:	BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.)

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ દર્શાવેલ આશ્રમના વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઇન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર થશે અન્યથા કરમુક્તિ મળશે નહીં. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

વ્હૉટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧

ઉપરોક્ત પદ્ધતિથી ‘હરિઃૐ ગુંજન’નું લવાજમ પણ મોકલી શકાશે.

૧. વસંત પંચમી-દીક્ષા દિન-શતાબ્દિ વર્ષ (૧૯૨૩-૨૦૨૩) - સંપાદક

પૂજ્ય શ્રીમોટાને ૨૨ જાન્યુ. સોમવાર ૧૯૨૩ના દિવસે પૂ.શ્રી બાલયોગીજી મહારાજે નડિયાદ ખાતે રામતલાવડી પાસે, કાસમ બાપુની માલિકીનો બંગલો, હાજી મંઝિલનાં પહેલા માળે દીક્ષા આપેલી. હાલમાં હાજી મંઝિલની જગ્યાએ કોમર્શિયલ/રેસીડેન્સીયલ કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે.

વસંત પંચમી એટલે નવજીવન. વસંત પંચમીનો તા. ૨૨-૦૧-૧૯૨૩નો સોમવાર significant અને પ્રતિકરૂપ આ દિવસ, વસંતઋતુમાં કુદરત નવો સ્વાંગ સજે છે પણ એને પારખવાને માટે આંખ અને હૃદય કેળવાયેલા જોઈએ. બાકીનાને એની ગતાગમ પડે નહી. ગુરુ મહારાજે કહ્યું આ દીક્ષા આપું પછી તારે ભગવાનના રસ્તે જવાનું. ગુરુ મહારાજે દીક્ષા માટે તેઓ જે કંઈ કરતાં તે કર્યું અને ધ્યાન ધરવા કહ્યું પરંતુ ધ્યાનના અર્થની ખબર ના હોઈને તેઓએ કહ્યું કે, એકીટશે એકાગ્રતાથી એક વિચાર આવે તેને ધ્યાન કહેવાય. મનમાં તો હજારો સંકલ્પ વિકલ્પ આવતા હતા. જેથી ગુરુ મહારાજે એક આઠ નવ ઈંચ લોઢાનો ખીલાનો દટ્ટો જોરથી બે ભ્રમરની વચ્ચે માર્યો મને તમ્મર આવી ગયા. શરીર બેભાન થઈ ગયું. ત્રણ દિવસે ભાન આવ્યું.

ગુરુ મહારાજે કહ્યું તારે સંસારમાં રહીને કામ કરવાનું પરંતુ સંસાર માટે નહિ અને તેવી ભાવના કેળવવી. જે તે બધું પ્રભુપ્રીત્યર્થે કરવાનું. જ્યાં ત્યાં ભગવાન જ વસેલો છે. સંસાર પણ ભગવાનની શક્તિને લીધે ચાલે છે. હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જીવવાનું છે.

દીક્ષાના આ પ્રસંગની અસર તેઓના જીવનમાં ખૂબજ ઊંડી પડેલી કે તે અસરથી જે ભાવના પ્રગટેલી તે સાધનામાં ભાંગી પડતાં હંમેશાં ઊગારેલ છે. તેઓની અપાર કરુણાનો અદ્‌ભુત પ્રતાપ કદી પણ વીસરી શક્યો નથી.

આ દીક્ષા મળી ત્યારથી જ એમણે હુકમ કર્યો કે ભાઈ તારે ભગવાનનું નામ લેવાનું. હરિઃૐ બોલવાનું અને અખંડ કરી દેવાનું. અભય, નમ્રતા, મૌન અને એકાંત પાળવાના. ઘરમાં સુવું નહિ. બીજાને ઓળખવાની ગડમથલમાં પડવું નહિ.

તેઓશ્રી ત્રીજીવાર નડિયાદ આવેલા ત્યારે શેઢી નદીને કિનારે ટેકરા પરના વડ પર બેસાડેલો અને કહેલ કે તારે ભગવાનનું નામ લીધા કરવાનું પરંતુ તંદ્રા આવી જવાથી તેમણે પથ્થર મારેલો. તંદ્રામાં બોલે તે નહિ ચાલે જાગૃતિપૂર્વક, સમજણ પૂર્વક બોલવાનું. ત્યારથી આ વાત ગળે ઊતરી ગયેલી આ જગાએ તારો આશ્રમ થશે. અને તારાથી ઘણાં મોટાં મોટાં કામો થશે અને હરિઃૐ આશ્રમ તે જ જગાએ સ્થાપિત થયો.

ગુરુએ કહ્યું, 'આ ભગવાનનો ભાવ પ્રત્યક્ષ છે. સમાજમાં ગુણ અને ભાવ પ્રગટે માટે તારે આ કાર્ય કરવું. ભક્તિના લીધે આ કામ કરું છું. ઉચ્ચ અભિલાષાને સાકાર કરનાર ભગવાન પોતે જ છે.

આ દીક્ષા તો ઘણાના જીવનમાં છે. પણ દીક્ષાનો ઊઠાવ ત્યારે જ આવે જ્યારે આપણામાં અભિપ્સા પ્રગટે. આધ્યાત્મિક ભાવના પ્રગટે પછી આ બધું બને.

ભગવાનને માર્ગે જવામાં ખમીર હોવું જોઈએ. રાગ, આસક્તિ, મોહ વગેરે છોડવાના છે. જ્યારે ધગધગતી તમન્ના જાગશે ત્યારે ભગવાનની ભક્તિ સાધના કર્યા વિના પ્રાપ્ત થશે. દા.ત. રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ.

સંત મહાત્મા પ્રત્યે રાગ એવી રીતે કરવો કે જેમ માતાપિતા પ્રત્યેનો રાગ, પતિ-પત્નીનો રાગ, ધનદોલત વગેરેનો રાગનો સરવાળો કરીને એ રાગ મહાત્મા પ્રત્યે રાખો તો આ જન્મે તમારું કલ્યાણ નિશ્ચિત છે.

ભગવાનના દર્શન બે રીતે - ગુણ ને સ્વરૂપનું દર્શન. ચેતનાના ગુણ આપણામાં ઊતરે ત્યારે ભગવાનનું દર્શન થયું ગણાય. ભગવાનની કૃપા દોહ્યલી છે એમને એમ ન મળે પણ તેમની પાછળ સાધના-ભક્તિ જરૂરી છે. ત્યાગી ત્યાગીને ભોગવો. જીવદશારૂપી ધન અને અનેક પ્રકારની વૃત્તિઓની આહુતિ આપ્યા પછી બાકી રહે તે આત્માનું સ્વરૂપ એ ભોગવવાથી મંગલમય આનંદ પ્રાપ્ત થાય. ભગવાનને પામવા માટે દીક્ષા વિના આરો નથી.

દીક્ષા એટલે એક બાજુ જતા હોઈએ તેનાથી બીજી બાજુ વહેણ વાળવું. જેમ આ નહેરો ખોદે છે અને નદીનું એક બાજુ વહેણ ચાલ્યુ જતું હોય ત્યારે તે પાણીને બીજી દિશામાં લઈને તેનો ઉપયોગ કરવો એનું નામ દીક્ષા.

—'સંપાદકીય

૨. સાધનાને સથવારે

- ડૉ. ઉષાબેન ખેર

'તારો આ છોકરો મોટો ધર્માત્મા થવાનો છે એટલી મારી વાત જરૂર યાદ રાખજે. એનું લાલનપાલન બરાબર કરજે.' આવી ભવિષ્યવાણી કરીને માતા સૂરજબાને આંગણે ભિક્ષા માંગવા આવેલો એક સાધુ તો એના રસ્તે પડી ગયો. પરંતુ માતાને ચટપટી થઈ. તેના મનમાં ગુદગુદી પેદા થઈ. દીકરાનાં વખાણવા ઉજ્જ્વળ ભાવિ અંગેની ભવિષ્ય-વાણીથી કઈ માતાને આનંદ ન થાય ? આ ભવિષ્યવાણી શ્રીમોટા અંગે એક અજ્ઞાત સાધુએ કરેલી તે કેટલી સાચી છે. તે તો સમયે સાબિત કરી બતાવ્યું છે. તેના આપણે સૌ સાક્ષી છીએ.

સાધક પ્રેમાળ, નિરાગ્રહી, નમ્ર, કઠોરવ્રતી, નિર્ભયી, સેવાભાવી, નિર્દંભી, દઢ મનોબળવાળો અને સમાધાનવૃત્તિવાળો હોય છે. શ્રીમોટાએ નમ્રતાની કેળવણી સંસાર વચ્ચે બચપણથી જ લીધેલી. કુટુંબના સર્વકોઈ પ્રત્યે તેમજ સાથીઓ પ્રત્યે પણ દિલનો ઊંડો ભાવ રાખી સૌ કોઈનું કામ ઉમળકાથી કરી આપતા. એમના વ્યવહારની વિશેષતા એ હતી કે સંપર્કમાં આવનાર સૌ કોઈ સાથે હૃદયના ઊંડા ભાવથી વર્તતા. ખરું કહેવામાં લેશમાત્ર સંકોચ ન કરતા. બહુ જ ઓછું બોલતા. મૌનવ્રત પણ વારંવાર ગ્રહણ કરતા. કામ સિવાય બોલવાનું ઓછું. ભૌતિક પદાર્થોનો કોઈપણ બાબતનો તેમને આગ્રહ નહિ. હા, તેમના જીવનવિકાસની સાધના માટે આગ્રહી ખરા પણ જડસુ વ્યવહાર નહિ.

સેવાના ગુણો તો નાનપણથી જ તેમનામાં હતા. માતા-પિતા તેમજ પરિવારજનોની દિલથી સેવા કરતા. કુટુંબનો ભાર વેઠી લેવા માટે તત્પર. ગાયની સેવા, વૃક્ષની સેવા, હરિજનની સેવા, સ્વજન સેવા અને ગુરુસેવા મતલબ કે કોઈપણ સેવાકાર્ય પૂરા ભાવથી કરતા.

સાધક લીધેલું કાર્ય અધવચ્ચે છોડે નહિ. શ્રીમોટા પણ નાનપણથી એવા. થાણેથી પિતાને છોડાવી લાવવા નિર્ધાર્યું તો રાત્રેને રાત્રે રાવ સાહેબને મળવાની હિંમત બાળક ચુનિયો કરે છે. એ તેની હિંમત તથા દઢતા દાદ માંગી લે તેવી ગણાય. કુટુંબને ટેકો કરવો છે એમ નક્કી કર્યું કે તુરત તેનો અમલ. ઇંટવાડે ગયા, ખેતરે કાળી મજૂરી કરી, શેઠિયાને ત્યાં નોકરી કરી પણ લીધેલું કામ સામો માણસ વખાણે તે રીતે પૂરું કરીને જ મોટા જંપતા. તે જ રીતે અભ્યાસમાં ખાંખત ખરી. **આગ્રહ કશાયનો નહિ. ચાલશે, ખપશે, નભશે, ફાવશે જેવા સમાધાનકારી શબ્દો જ તેમના જીવનના શબ્દકોશમાં પહેલા પાને છપાયેલા જોવા મળતા.** આ બધાં લક્ષણો સાધકનાં ગણાય. આમ તેમનું સમગ્ર જીવન સાધનામય જ હતું.

સાદો પોષાક, અલ્પાહાર, મજાક સહન કરી લેવાની સહનશીલતા વગેરે તેમના નિર્દંભપણાને પ્રગટ કરે છે. આમ બાળપણથી જ તેઓ તિતિક્ષા અને તપસ્યાનો સથવારો લઈ સાધના માટેની પૂર્વ તૈયારી કરી રહ્યા હતા. આશ્રમની બહેનો મશ્કરી કરતી તો તે પણ તેઓ મૂંગે મોઢે સહજ સ્વાભાવિક રીતે સહન કરી લેતા. આમ શીલ અને સદાચારનો તો તેઓ જીવંત નમૂનો હતા !!

ભણતા ત્યારે પેટલાદના જાનકીદાસજી મહારાજ, અમદાવાદમાં સરયૂદાસજી, નદિયાદમાં સંતરામ મહારાજ વગેરે સંતોના સમાગમમાં અવાર-નવાર આવવાનું થતું ત્યારે ચૂનીલાલ મૂક સેવક બની સ્થૂલ સેવા કરતા. મૂક શ્રોતા બની સત્સંગનો લાભ લેતા. આ સંતોના સાંનિધ્યે તેઓ વિનયીવાણી તથા સેવાને સદાચારના પાઠ શીખ્યા. આ પણ એક પ્રકારની સાધના માટેની ભૂમિકાનું પ્રારુપ હતું એમ ખસૂસ કહેવાય.

ખરી સાધનાનો પ્રારંભ તો કૉલેજ કાળ અને ગુજરાત વિદ્યાપીઠથી પ્રારંભાયો. કારણ **સાધકનાં લક્ષણો : નિષ્ઠા, ધ્યેયને વળગી રહેવાની ધગધગતી તમન્ના તથા શ્રમમાં શરમ નહિ જેવા ગુણોનું દઢીકરણ, તેમના જીવનમાં સુપેરે થયું.** ખર્ચ ઓછો લાવવા જાત મહેનત કરવી અને સાથી મિત્રો તથા સ્વજનોની સેવા નિષ્ઠાપૂર્વક તથા પ્રેમપૂર્વક કરવી અને ઉત્તમ કોટિનું ભણવું એ પણ સાધના જ કહેવાયને ? સતત કાર્યરત રહી મનને એકાગ્ર

રાખવું એ પણ દૃઢ મનોબળ તથા સાધના સિવાય ન બને. આપણા ચૂનીભાઈમાં અહીંથી જ ભાવિ સાધક પાંગરતો જતો જોવા મળે છે.

નડિયાદ તેમના માટે વિધિવત્ સાધનાભૂમિ બન્યું. ગામથી દૂર એકાંતમાં રાતવાસો કરીને સાધના કરતા એ રીતે તેઓ **અભયની સાધના** પણ કરતા હતા.

વૈયક્તિક દુઃખ-દર્દ, દા.ત. ફેફરુ, કૌટુંબિક વ્યાધિઓ જેવી કે મોટાભાઈની ક્ષયની બિમારી, તે માટે દેવું કરવું, તે પછી તેમનું (ભાઈનું) મૃત્યુ, નાત બહાર મૂકવાના પ્રસંગો વગેરે તથા હરિજન શાળાની કામગીરી વગેરે સારી રીતે નિભાવવા છતાં મુખેથી ભજનો, ગીતો, ધૂન, રામનામ બોલતા જ રહેતા હોય અને સામે મળે તે સૌ કોઈને નમન કરતા એ પણ સાધકનું જ લક્ષણ...... સજ્જડ આભડછેટના તે જમાનામાં વિરોધોનો સામનો કરી હરિજનોના ઉત્થાન માટે કામ કર્યું. એ પણ એક મોટી અને વિશિષ્ટ પ્રકારની સાધના જ હતી ને ? મરજીવા હોય તે જ આવી હિંમત કરી શકે.

તે જ ગાળામાં દર વર્ષે મહિનો રજા લઈને કોઈ એકાંત સ્થળે રહેવા નીકળી જતા અને ત્યાં જળાશય હોય તેવી જગ્યામાં સાધનાની ઉપાસનામાં જ બધો સમય ગાળતા. ત્યાં ખાવા-પીવાની ચિંતા ઉપરવાળાના ભરોસે જ ક્યારેક તો છોડી દેતા. એમની શ્રદ્ધાને ટેકો મળે એવા મદદ કરનારા પ્રસંગોય બનતા. તે સામાન્ય જનના હૃદયમાં ઉતરે એવું ન પણ બને.

જેલનિવાસ દરમિયાન પણ સાધના તો અવિરતપણે ચાલુ જ રહી. જેના સાક્ષી હેમંતકુમાર નીલકંઠજી છે. **ઈ.સ. ૧૯૨૩માં બાળયોગીજી પાસે નડિયાદમાં વિધવત્ દીક્ષા લે છે.** તે સમયગાળા દરમિયાન સંતો, ફકીરો, ઓલિયા અને મસ્તમૌલા આત્માઓનું સાનિધ્ય તેમને અવાર-નવાર મળતું રહેતું, જેમના સેવા સત્સંગે તેમના શ્રદ્ધા દીપકની વાટને સંકોરવાનું કામ જરૂર કર્યું.

તેમના સાધનાકાળના પ્રેરક-પ્રહરી જાણીતા ધૂણીવાળા અવધૂત દાદા કેશવાનંદજી મહારાજ, સાકોરીવાળા ઉપાસની બાબા, સાંઈબાબા તથા બાળયોગીજી જેવા પ્રખર આત્મજ્ઞાની સિદ્ધો હતા. તેઓની નિશ્રામાં, તેઓના માર્ગદર્શન હેઠળ ઈ.સ. ૧૯૩૪માં સગુણનો સાક્ષાત્કાર થયેલો અને તે પછી ૧૯૩૯માં બનારસમાં નિર્ગુણ બ્રહ્મનો આત્મસાક્ષાત્કાર થયા પછીથી નિર્વિકલ્પ સમાધિના પણ તેઓશ્રી ચેતન-નિષ્ઠ અધિકારી બન્યા. તત્પશ્ચાત્ તેમણે સ્વજન વર્ગના હિતાર્થે, તેમને માર્ગદર્શન આપવાના ઉદાત્ત હેતુ અર્થે હરિજન સેવક સંઘના સહમંત્રી પદેથી પણ રાજીનામું આપી દીધું.

આ સાધના કાળ દરમિયાન જ તેમણે સાધકોને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરરૂપે જે પત્રો લખ્યા તે ગદ્ય-પદ્ય સાહિત્ય તથા ઈશ્વરસ્તવન, ભજનો, પ્રાર્થનાઓ તેમજ વિધિ-વિધાનને લગતા પ્રકાશનોનાં સાહિત્યનું પ્રચુર માત્રામાં સર્જન કર્યું. એ સઘળું સાહિત્ય ઉચ્ચકોટિનું વૈવિધ્યસભર સાહિત્ય છે. જે સાધકોને ઉર્ધ્વજીવન માટેની પ્રેરણા પૂરી પાડે છે. જીવન શબ્દને પૂર્વંગ તરીકે રાખીને ‘જીવન-પરાગ’, ‘જીવન-સંદેશ’, ‘જીવન-પાથેય’, ‘જીવન-ગીતા’ નામક શ્રીમોટા લિખિત ૬૭ (સડસઠ) જેટલાં પ્રકાશનો છે. આ સઘળું સાહિત્ય તેમની સાધના, ચિંતનકાળની નીપજ છે. જેમાં જીવનલક્ષી ‘સ્વ’ની ઓળખ પ્રતિ લઈ જનારું જીવનબોધક ચિંતન છે.

સાધનાકાળની બીજી મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ તે હરિઃૐ આશ્રમો તેમજ તેમાં મૌનમંદિરોનું નિર્માણ છે. જેમાં બેસીને સાધક પોતાને સાધના જીવન તેમજ ચિંતન માટે તૈયાર કરે છે. સાધનામાં તેમને પડેલી ખાવા-પીવા ઈત્યાદિ સુવિધા સંબંધી મુશ્કેલીઓ મૌનમંદિરના સાધકને ન પડે તેનું આયોજકો ધ્યાન રાખતા હોય છે. **ચીલાચાલુ કર્મકાંડ-પ્રધાન મંદિરો કરતાં આ મંદિરો ‘સ્વ’ના વિકાસમાં અને ‘સ્વ’ને ઓળખવામાં ઉપકારક બની શકે ખરાં** તેમાં ન કોઈ મૂર્તિ, ન કોઈ પૂજાવિધિ, ન કોઈ ક્રિયાકાંડ વા ન યજ્ઞ-અર્ઘ્ય. આત્માની કેળવણીનાં આ વિશિષ્ટ કેન્દ્રો જરૂર ગણાય.

તેમની આકરી સાધનાનો નિચોડ હરિઃૐ મંત્રના અજપાજપની પ્રક્રિયા (ધૂન) દ્વારા મન-તન તેમજ હૃદયની શુદ્ધિ એવમ્ અપ્રતીમ સ્વાસ્થ્ય લાભ છે.

(શ્રીમોટાનું શિક્ષણ દર્શન, પ્ર.આ./પૃ-૨૭ થી ૨૯)

૩. શરીરની ક્ષમતા

- રમેશ મ. ભટ્ટ

અમુક જ સંપૂર્ણ સનાતન સત્ય છે અને તે વિનાનું બીજું કશું સત્ય નથી, એવી મડાગાંઠ કદી ના વાળી શકાય. જે જે કાળે સમાજને જેવી જેવી ને જેટલી જેટલી જરૂરિયાત પ્રગટે છે, તેવી તેવી રીતે તેવા તેવા મહાન આત્માઓ કાળપુરુષ તરીકે જ્ઞાનભાવે પ્રવર્તવાનું કર્યા કરતા હોય છે. એટલે તે કામ તે કાળ પૂરતું તે પૂરું ને તે કાળે સત્ય હોય. કાળે કાળે સત્યનું સ્વરૂપ પણ બદલાતું રહેતું હોય છે. — **શ્રીમોટા**

એક યુવાન હતો. કારમી ગરીબીમાં પણ એ ભણેલો. સખત મહેનતથી શરીર કસાયેલું હતું. આદર્શ ખાતર ટૂંકા પગારની સેવાભાવી કામગીરી સ્વીકારેલી. ટૂંકા પગારમાં કુટુંબનું ભરણપોષણ કરવાનું હતું. એવામાં મોટાભાઈને ક્ષયની બીમારી લાગુ પડી. લાંબા સમયની સારવારથી આ યુવાનના માથે દેવું ચઢી ગયું. સગાંસંબંધીના ઠપકા, મહેણાં-ટોણાં, અપમાનો અને સેવાનો પોતાનો આદર્શ.

આ મજબૂત યુવાનના મનમાં ભારે ભીંસ થવા લાગી. એને ફેફરુંનો રોગ લાગુ પડ્યો. વાઈ આવે એટલે ગમે ત્યાં શરીર ગબડી પડે. રોગ શરીરનો નહોતો; પણ મનનો હતો. કેમેય કર્યો મટે નહિ. યુવાન ત્રાસ્યો-કંટાળ્યો.

એણે નિશ્ચય કર્યો કે આવા શરીરથી જીવવામાં મજા શી ? મરી જવા માટે નર્મદા નદીના ઊંડા નીરમાં ભૂસકો માર્યો. પણ ભાગ્યબળથી એ ઊગરી ગયો. એથી એને થયું કે શરીરમાં રહીને જ મારે મારું જીવન એના યોગ્ય અર્થમાં અનુભવવાનું છે.

એણે મનને મજબૂત બનાવવા માટે ઉપચાર શરૂ કર્યા. **હરિનામના રટણનું ઔષધ નિયમિત લેવા માંડ્યું. જીવવા માટેની જાગ્રતિની-પરેજીની સંપૂર્ણ તકેદારી રાખી. અંદર-બહારના વ્યવહારના પથ્યાપથ્યનું બરાબર પાલન કર્યું.**

એક રાત્રે એ યુવાનને સાપ કરડ્યો. સાપનું ઝેર શરીરમાં ઝડપથી ફેલાવા લાગ્યું. યુવાનની આંખો ઘેરાવા લાગી. પણ ધ્યેય પરત્વેની જાગ્રતિ પાકી હતી. એથી હરિનામનું ઔષધ કારગત નીવડ્યું. ત્રણ દિવસ-રાત અખંડ રીતે 'હરિઃૐ' રટણ થયું. હોજરીમાંથી ઝેર બહાર કાઢ્યું - અને યુવાનનું શરીર બચી ગયું. યુવાનને પાકી ખાતરી હતી કે આ શરીર છે તો જ આનંદ-પરમઆનંદ અનુભવાશે. **આ શરીરથી જ પરમાત્માનો અનુભવ શક્ય બનવાનો છે. એણે પોતાના અંતઃકરણો અને શરીર વચ્ચે સંવાદ સાધ્યો - સમતુલા જાળવી. પરિણામે લાંબાગાળાના તપ પછી એકતાળીસમે વરસે પરમાનંદનું ધામ મેળવ્યું.**

આ યુવાનનું નામ **શ્રી ચુનીલાલ આશારામ ભગત - જેઓ 'પૂજ્ય શ્રીમોટા'** એ નામથી સુપ્રસિદ્ધ છે. એમણે ૧૯૭૬ના જુલાઈની તેવીસમી તારીખે પોતાનું શરીર છોડ્યું. છેલ્લા એકાદ દસકાથી એમનું આખું શરીર પીડાકારી રોગોથી ભરાયેલું હતું. માથામાં સતત સણકા માર્યા કરે. આંખમાં ખીલ સતત ખૂંચ્યાં કરે. દમના હુમલાથી શરીરને બિલકુલ આરામ ન મળે. એસિડિટીને લીધે પેટમાં સતત બળતરા જ થયા કરે. કરોડરજ્જુના મણકાનું દર્દ પીડ્યા જ કરે. મસાનું દર્દ પણ ખરું. પ્રોસ્ટેટ ગ્લેન્ડની પીડાને લીધે પેશાબ કરતાં તીવ્ર પીડા થાય. અનેક અનુભવી ડૉક્ટરોની દવાઓ લે. આમ છતાં એક પણ રોગ મટેલો નહિ. આવી સ્થિતિમાં પૂજ્ય શ્રીમોટાના ચહેરા પરથી પ્રસન્નતા ગઈ નથી. ભિન્ન ભિન્ન વ્યક્તિઓને એ ખૂબ ઉમળકાથી અને પ્રેમથી બોલાવે. એમની ખબરઅંતર પૂછે. ખૂબ હસે-હસાવે.

સારવાર કરનાર ડૉક્ટરોનેય આનંદ કરાવે ! રોગોની વાત કરતાં જાણે રોગને રમાડે ! મેં એમના શરીરના ઉત્તરકાળનો એક દાયકો પ્રત્યક્ષ જોયો છે. રોગો સહન કરવાની શરીરની ક્ષમતાને તેઓશ્રીએ પ્રકટ કરી છે. એનું કારણ જાગ્રતિપૂર્વકની આકરી તપશ્ચર્યા-સાધનાને પરિણામે અનુભવેલું ચેતન. તેઓશ્રીએ આપણા શરીરનું મહત્ત્વ સમજાવતાં લખ્યું છે કે;

'માનવશરીર દ્વારા જીવ મુક્તિ પામી શકે છે. બીજી કોઈ યોનિના શરીરથી તેમ થવાની શક્યતા લાગતી નથી. તેથી આ માનવશરીરની મહત્તા અનંતગણી છે. આમ જાણીને જે જીવ પોતાના શરીરને ભગવાનનું મંદિર ગણીને, પ્રત્યેક કર્મ કરતી પળે શરીરનો સદુપયોગ જ કર્યા કરે છે, તે જીવ તરી જાય છે.'

('શરીરસુખ' પ્ર.આ., પૃ. ૧ થી ૫)

૪. શ્રીબાળયોગીની ચમત્કારિક શક્તિ - પૂ. શ્રીમોટા

હાલ જ્યાં એલિસબ્રિજ-પુલ છે, તેનાથી ટાઉનહૉલની બાજુની દિશાએ જતાં પુલના શરૂઆતના ભાગમાં જ જમણી બાજુએ સાધુઓની એક નાનકડી જગા છે. ત્યાં ઘણાં વર્ષો પહેલાં એક બંગાળી શરીર ધારણ કરેલ મસ્તરામ સાધુ આવેલા. તેમને બધાં બાળયોગી કહેતાં. તેઓએ આ જીવને નડિયાદથી બોલાવેલો. ચાર દિવસની રજા મંગાવીને એમની કને ગયો હતો. એ ચારે દિવસ એટલું તો એમણે ખવડાવેલું કે ન પૂછો વાત. ખાધું તેનું વજન દસ શેર તો હશે. ઓછામાં ઓછું કરીને તે લખ્યું છે, કે જેથી કોઈ એને ગપ્પાં ન માની શકે. કલાકે કલાકે, કેટલીક વાર અરધા કલાકે જુદી જુદી ભોજનની વાનગીઓના થાળ આવ્યા જ કરતા, ને એમને તે ખાઈ જવાનો હુકમ થતો. છેક ગળા સુધી તો આવી ગયેલું હોય ને હવે તો એક કોળિયો પણ ખાઈ શકાય એવી દશા નથી, એવું ચોખ્ખેચોખ્ખું લાગે છતાં ખાઈ જવાનો હુકમ થતાં તે ખાઈ જવાતું. એમ દિવસમાં કેટલીયે વાર બન્યા જતું. આથી કરી શરીરને કંઈ જ કશું થયેલું ન હતું. દસ્ત પણ સવારમાં એક વેળા જે જવાનું થતું તેમ જ બનેલું. આ એક મોટામાં મોટી અનુભવની હકીકત બનેલી. આ હકીકતના હજી બીજા એક જીવ જીવતા સાક્ષી પણ છે.

પછી ક્રમે ક્રમે સદ્‌ગુરુનો હૃદયમાં અનુભવ

એટલે બુદ્ધિથી તપાસીને જ સદ્‌ગુરુને સ્વીકારેલા. ને તેમના પરત્વે ક્રમે ક્રમે હૃદયનો પ્રેમભક્તિભાવ જાગતાં જાગતાં અને એમનો અનુભવ થતાં થતાં એમણે જે સદ્‌ગુરુનો પરિચય કરાવ્યો, તેમનું ગુરુત્વ હૃદયમાં શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપે કોઈ પરમ ચેતનની લક્ષણાત્મક દશામાં અનુભવાતું ગયેલું. એવા સદ્‌ગુરુની સેવાભાવના સર્વસ્વ પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ થઈ જઈ જીવતી થઈ શકે, એવાં આંતરિક શ્રદ્ધા-નિષ્ઠા જીવનમાં પછીથી તો પ્રકટી શકેલાં, તે નક્કર એવી એવી કસોટીઓમાંથી પસાર થતાં થતાં અનુભવમાં પ્રકટેલું.

મરણિયા નિર્ધાર સાથે, અપાયેલું કામ જ કર્યા કર્યું

પહેલેથી જ એમ તો મરણિયો નિર્ધાર કરેલો કે **આપણે હવે એક જ જીવનનો મુદ્દો રહેલો છે કે પ્રભુને મેળવવા છે, કાં તો જીવનને એની ખાતર, એની પાછળ ફના કરી દેવું છે.** સદ્‌ગુરુનાં કૃપા-આશીર્વાદથી સઘળું મળી શકે છે, એવી ભાવનાની વાસ્તવિકતા સ્વીકારવામાં તથ્ય હોવા છતાં (**તેવી વાસ્તવિકતા આપણામાં એવા પ્રકારની પ્રેમભક્તિજ્ઞાનયુક્ત ગ્રહણાત્મક દશા પ્રકટેલી હોય તો જ તેમાં તેવું તથ્ય હોવાની શક્યતા છે**) એને વળગી રહેવાનું કદાપિ એની કૃપાથી અમથું અમથું કરેલું નથી-એટલે કે બતાવેલે માર્ગે ચાલી ચાલી, એણે ચીંધેલું એની કૃપાથી કરી કરી, હવે આગળ કયો માર્ગ છે તે એણે સમય પાક્યે કૃપાથી આગળ બતાવવાનું કર્યા કરેલ છે.

('જીવનપોકાર' છઠ્ઠી આ., પૃ. ૧૯૭-૧૯૯)

૫. સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ જીવન સાર્થકતાની કેડીએ

૧૯૬૧ પછી રૂપિયા મેળવવાનો શ્રીમોટાનો ઉપક્રમ અલૌકિક હતો. રૂપિયા મેળવવાના માધ્યમ દ્વારા શ્રીમોટાએ અનેક જીવો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ બાંધ્યો. હરિઃૐ આશ્રમ પ્રેરિત કાર્યો માટે જે કોઈ નાણાં એકત્ર કરવા જતાં તેઓ પણ શ્રીમોટાની ચેતનાશક્તિથી પ્રેરાઈને જતાં, અને એમને રકમ આપનાર પોતે શ્રીમોટાને આપે છે એમ સમજીને આપતાં. શ્રીમોટા, ફંડફાળો ઉઘરાવવા ફર્યા નથી, પણ જમાડવા માટેનું નોતરું આપવાની જાહેરાત કરીને, ભોજન પછીની દક્ષિણા માંગી છે.

૧૯૬૧ સુધી શ્રીમોટા ક્યારેય પ્રવચન કરતા નહિ. આમ છતાં જ્યારે નિમિત્ત સામે આવ્યું ત્યારે

પૈસા એકત્ર કરવા નિમિત્તે પ્રવચન કરવાનું શરૂ કર્યું અને હરિઃૐ આશ્રમ મારફત થનારાં સમાજોત્થાનનાં કાર્યો અંગેની સમાજને જાણ થાય એ માટે પત્રકારોને પણ પ્રેર્યા. આ માટે શ્રીમોટાએ પોતાના જન્મદિન, દીક્ષાદિન અને સાક્ષાત્કારદિનની ઉજવણી કરવાની પણ સંમતિ આપી. આ ઉપરાંત, ગુરુપૂર્ણિમાનો ઉત્સવ હંમેશાં દક્ષિણ ભારતમાં ત્રિચિમાં ઊજવાતો.

દાનપેટે આવેલા રૂપિયામાંથી તેઓશ્રીએ પોતાના અંગત વાહન-વહેવાર ખર્ચ માટે કે હરિઃૐ આશ્રમના નિભાવ માટે એક રૂપિયો પણ રાખેલો નહિ. **સમાજ તરફથી મળેલી પૂરેપૂરી રકમ સમાજોત્થાનનાં કાર્યોમાં એ સમર્પિત કરતા.** શ્રીમોટા સૌથી પહેલાં સમાજોત્થાન માટેનું કામ નક્કી કરતા, પછી એને માટેની કેટલી રકમ એકઠી કરવી એ નક્કી કરીને નિશ્ચિત મુદતમાં એ રકમ એકઠી કરવાનું જાહેર કરતા. સમયસર એટલી રકમ એકઠી થઈ જતી.

કોઈ વ્યક્તિ, વ્યક્તિસમૂહ કે સંસ્થા શ્રીમોટાને રકમ આપવાની તત્પરતા દર્શાવે અને એ માટે શ્રીમોટાને નિમંત્રણ આપે તો શ્રીમોટા તે સ્થળે અવશ્ય જતા. આ માટે તેઓશ્રીને સતત પ્રવાસમાં રહેવું પડતું. વર્ષ ૧૯૬૧ પછી તેઓશ્રીના શરીરમાં જુદા જુદા પીડાકારી રોગો પણ થવા માંડ્યા હતા. વર્ષ ૧૯૭૦ સુધીમાં તેઓશ્રીનું આખું શરીર રોગોથી ઘેરાયું હતું. એવા શરીરે પણ તેઓશ્રીના પ્રવાસો ચાલુ રહેતા.

પ્રવાસ દરમિયાન લોકોના સમૂહ વચ્ચે શ્રીમોટા બોલતા હોય ત્યારે નંદુભાઈ બધો વખત આંખો મીંચીને સાંભળ્યા કરે, વચ્ચે કદી બોલતા નહિ.

નંદુભાઈ, નડિયાદ અને સુરત બન્ને આશ્રમોનો પત્રવહેવાર જાતે જ ઇતર કામોની વચ્ચે કરતા રહેતા. <u>તેમનું કામ તનતોડ હતું.</u> યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ઇન્ડિયન મૅડિકલ કાઉન્સિલ સાથે શ્રી નંદુભાઈને દોઢ વર્ષ સુધી પત્રવહેવાર કરવો પડ્યો હતો. શ્રીમોટાની જાહેર પ્રવૃત્તિઓ વધતાં સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ, જ્ઞાતઅજ્ઞાત વ્યક્તિઓ, તેમનાં સ્વજનો અને પ્રશંસકો સાથે પત્રવહેવાર ઘણી મોટી સંખ્યામાં વધી ગયો હતો. આમ છતાં સાદી પહોંચ, પત્ર છાપેલો નહિ. પણ હસ્તલિખિત મોકલવાની પ્રથા ચાલુ રાખી હતી, કેમ કે એવા લખાયેલા પત્રમાં હૃદયનો ભાવ રેલાતો હોય છે અને **એકએક પત્રનો ઉત્તર તરત જ વિના વિલંબે જવો જ જોઈએ એવો શ્રીમોટાનો આગ્રહ પણ હતો.**

વળી, શ્રીમોટા ૩૦ દિવસમાંથી ૧૫ દિવસ પ્રવાસમાં જ કાઢતા હતા. એટલે તેમની સાથે અંગત મદદનીશ, ખજાનચી, મંત્રી, વડા વ્યવસ્થાપક વગેરેનું કાર્ય નંદુભાઈએ જ કરવાનું હતું. એટલે તેમનું કામ સવારના ત્રણ વાગ્યાથી શરૂ થાય અને રાત્રે ઘણીવાર પ્રવાસ દરમિયાન ૧૦-૧૧ વાગતાં સુધી ચાલતું રહેતું. બહારગામ જવાના આગલાદિવસે રાત્રે પણ નંદુભાઈ મોડી રાત સુધી બધું આટોપવામાં વ્યસ્ત રહેતા. વસ્તુઓ, પેપર્સ, ફાઈલો વગેરે શું શું લઈ જવાનું છે તેની નોંધ બે દિવસ અગાઉથી બનાવી રાખતા અને સામાન બાંધતાં પહેલાં તે નોંધ પ્રમાણે છે કે નહિ તે ચકાસી લેતા. પૂજ્ય શ્રીમોટાનાં આરામદાયક સાધનો, દવાઓ વગેરે તેમ જ શ્રીમોટાની રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ અગાઉથી તૈયાર કરી ગાડીમાં મુકાવતા. આમ, તે રાત્રે તો નંદુભાઈને માંડ બે કલાકની ઊંઘ મળતી !

આ રીતે પ્રવાસમાંય આ હરતુંફરતું કાર્યાલય સાથે જ રહેતું.

('જીવન સાર્થકતાની કેડીએ (ઉત્તરાર્ધ)' પ્ર.આ., પૃ. ૨૯૮-૩૦૧)

૬. સ્વાર્થની સભાનતાની જેમ સદ્‌ગુરુની સભાનતા દરેક કર્મમાં રાખો

અને આ બધા સદ્‌ગુરુની વાત કરે છે તે મારે ગળે ઉતરતી નથી. સદ્‌ગુરુની વાત સાચી છે. નક્કર છે. આપણી હયાતી છે એના કરતાંય નક્કર છે. પણ એનામાં દિવસમાં ચોવીસ કલાક. તે ચોવીસે કલાક આપણો અભ્યાસ ક્યાં છે?..............................તમને ગમે તેવા સંજોગોમાં રહેવાની રહેવાની ને રહેવાની. કે જતી રહે છે ? બોલો તમે. તમારા સંસાર-વ્યવહારમાં જુઓ તમે.

જિજ્ઞાસુ : રહે છે.

શ્રીમોટા : કે સ્વાર્થની awareness (સભાનતા) તમને રહે છે. પણ એટલી awareness તમારા સંસારવહેવારમાં કામ કરતાં ભગવાનની રહેતી નથી. તો તમે સમજી લો કે હજુ આના માટે આ હજુ પાકી ભૂમિકા નથી. માટે અભ્યાસ હજુ પાકો વધારે કર્યા કરો કે બે કલાક રાખો, ત્રણ કલાક રાખો, સાડાત્રણ કલાક વધાર્યા કરો. એમ કરીને બરોબર એનો તો એમાં headlong ઝંપલાવો.

હા. એનું કામકાજ કરીએ એ ઉત્તમ છે. હંઅ.... જો કે મારી ના નહિ ....આ તો science છે. જેમ જે હોય તે સાચી વાત કરવી. પણ એ એને તમે મનમાં જે રાખો એનું કામકાજ બધુ કરો. એનું કરતા હો પણ એ મનમાં તે વખતે પળેપળ જીવતો ના હોય કે કરેલું કામ સારું છે. હવે એની કદર પણ પેલો ત્યારે કર્યા કરે. પણ મનમાં એ જીવતો હોવો જોઈએ. અને થાય તો ઉત્તમ છે. એ ફળદાયી છે.

અને પેલું એનું કામ જે કરતાં હોઈએ તે કામ નથી પણ એના સ્મરણને આપણામાં જીવતુંજાગતું ચેતનાત્મકપણે રાખવાને માટે આ કરીએ છીએ. આપને સમજણ પડે છે. આમાં ?

જિજ્ઞાસુ : હા. તદ્દન સાચી વાત છે.

સદ્‌ગુરુનું સ્મરણ રાખવા માટેના ઉપાય

શ્રીમોટા : આ મારા પોતાના સમર્થનને માટે નથી કહેતો............... તરીકે કહું છું. ત્યારે એવું કરનારા કેટલા ? ત્યારે શરૂઆતના ગાળામાં તો બિલકુલ માણસની મંદાગ્નિ. અને મંદાગ્નિને, પછી મંદાગ્નિ હોય તેનોય વાંધો નહિ, પણ એને નિર્ણય કરીને ગમે તેમ મરી જવાય તો ભલે કે ખઈશ નહિ ને પાણી પણ નહિ, પણ અઢી કલાક તો કરવા, પંદર દિવસે પા કલાક ઉમેરો. એમ કરતાં કરતાં તમારી વૃત્તિને વધારી શકો છો, કે તમારે એમાં આગળ વધવું છે, એ નિશ્ચય પાકો જોઈશે. અને નિશ્ચયને અમલમાં મૂકવો પડશે તો કે આ બધું છે ને, બધું ચાલે છે. કંઈ કશું અટકી પડતું હોતું નથી. હિમાલયના જંગલમાં રહીને મેં કર્યું નથી. હજુ મારા મોટા ભાભી છે........ અને જવાબદારીવાળા કામો કરેલાં.

નકારાત્મક વૃત્તિઓ ઊઠતાં તે વેળા પ્રાર્થના, ભજન સ્મરણ કરો

જિજ્ઞાસુ : એવું ખરું કે જેને અસદ્‌વૃત્તિના હુમલા કહીએ એ આપણી જ પ્રકૃતિનું કોઈ પરિણામ હોઈ શકે ?

શ્રીમોટા : ના. આગળમાં જતા એવું કાંઈ નથી હોતું. આગળ જતાં દા.ત. ચૌદ ભૂમિકા લઈએ...... ....કોઈ વૃત્તિ આવી પડી તો એનો દોષ નથી. તો એના ચિત્તમાં સંસ્કારો પડ્યા કે નથી પડતા ? અને આવી વૃત્તિઓ થાય છે તેની સામે

જાગ્રત રહેવાય અને એને નિવારી શકું એટલે કે એને resist નહિ કરવું.

તે વખતે જ્યારે વૃત્તિઓ જાગે ત્યારે ક્યાં તો ભજનમાં જવું, ક્યાં તો સ્મરણ કરવું, ક્યાં તો પ્રાર્થના કરવી, ક્યાં તો ધ્યાનમાં જવું. એ રીતે આગળ વધવું. તે વખતે તમે પેલાને resist કરશો તો તો ખોટી વાત. કારણ કે એ તો જેટલું resist કર્યું તમે. કારણ કે એ તો પ્રકૃતિનો વિષય છે. સંસ્કારો, વૃત્તિઓ થવી એ પ્રકૃતિ છે. ત્યારે તમે પ્રકૃતિનો સામનો પ્રકૃતિથી કરશો તે નહિ ચાલે. એનો સામનો કરવો હોય તો એનાથી ઊર્ધ્વે ચઢો કે તે વખતે હું પ્રાર્થના કરું, ભજન ગાઉં, ધ્યાન કરવું એવાં સાધનો હું કરતો અને પછી પ્રાર્થના કરતો. તો પછી સહજ થાય. એની સાથે... કરી દો. કોઈ પણ રીતે. આ જીવનની આપણી ભૂમિકા ઉપર.

મોટાને પગે લાગનારા મોટાનું કામ કરે તો સાચા પગે લાગ્યા

તમે કામ કરો. કામ કરો. સારું કામ કરો તમે સાહેબ. તમે એટલું બોલ્યા કરશો તે નહિ ચાલે. હું એટલા માટે કહું છું કે મારું કામ છે, એટલા માટે નહિ હોં. દાત. આ મારે ઈન્દુ*(શ્રી ઇન્દ્રવદનભાઈ શેરદલાલ ગુરુકૃમા ગેસ્ટ હાઉસ, ટાઉન હૉલ પાછળ, એલિશબ્રીજ, અમદાવાદ)ને ઘેર આખો ઓરડો ભરાઈ ગયો છે. મારો વિચાર છે કે ચોપડીઓ ખપાઈ જાય. તો પગે લાગતા હોય ને આ બધું કરતા હોય કે વેચવી. મારી મરજી ખરી. તો તમારી લાગણી છે એમ પુરવાર થશે. બાકી ખોટી વાત. આ પગે લાગો છો તે ખોટા લાગો છો. એ દંભ છે એક પ્રકારનો હું sincerely એમ માનું છું.

તમે જો ખરેખર કહેતા તો એને માટે માન આદર હોય ને પગે લાગતા હોય તો આટલું કામ કરો, પણ એ.... એ કરતા નથી. પણ તમે એનો જો એનો લાભ લેવા માંગતા હો તો સક્રિયપણે એનું કામ કરો. અને કામ કરતી વખતે એની સભાનતા રહેવી જોઈએ અને સભાનતા વખતે એનો તમારો જે હેતુ છે એ પણ સાથે જોઈએ.

તમારા સંસાર-વ્યવહારમાં કોઈ માણસ છે. તદ્દન ખરાબમાં ખરાબ. જેને જોવો ન ગમે એવો. એની સાથે સ્વાર્થ પડે તો વેગળું બધું મૂકી દો છો કે નહિ ?

મોટાનું કામ મોટાને પોતાનામાં જીવતા કરવા માટે કરો

કારણ કે તમારો સ્વાર્થ predominant હોય છે. તેવી રીતે આમાં પણ જો આપણે એની પાસેથી જીવનનો ઉત્તમમાં ઉત્તમ લાભ લેવો છે, જેવો તેવો નહિ. ઉત્તમમાં ઉત્તમ લાભ જો લેવો હોય તો તે લાભ લેવાની senseને જીવતી રાખવી પડશે. એમ ને એમ નહિ ચાલે સાહેબ અને એ જીવતી રાખીને, એ હેતુની સભાનતા રાખીને... x, y, zની કે એના સ્વરૂપની કે જે કાંઈ કલ્પના હોય, તમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની અંદર રહેતી હોય તેવી સભાનતા રાખો. અને **એને મારામાં જીવતો કરવાને માટે આ કર્મ કરું છું નહિ કે મોટાને મદદ કરવાને સારું અને તમે નહિ હો તો પણ મોટાને મદદ થઈ રહેશે.**

અત્યાર સુધીમાં લાખોનાં કામો થયાં. કેટલા બધા પૈસા મળ્યા ને ! તે બધા x, y, z એ જ મદદ કર્યા ને ! એ તો હજાર હાથવાળો ધણી કરશે, ને નહિ હશે તેનો કશો વાંધો નહિ. આ કરો છો તે તમારા પોતાના સ્વાર્થને માટે કરો છો. તમારા પોતાના કલ્યાણને માટે કરો છો, ને એને મોટાને આ દ્વારા મનમાં જીવતો કરવો છે........... જીવતોજાગતો ભાવ..........

૭. માબાપ વઢે ત્યારે ?

- સંપાદક : ડૉ. રમેશ મ. ભટ્ટ

તા. ૧૫-૧૨-૧૯૬૨

સ્વજન : મોટા, હવે હું મોટો થયો છું. છતાંય મારાં માબાપ મને વઢે છે. આથી, મારું મન ખાટું થઈ જાય છે.

શ્રીમોટા : આપણું જીવન માતાપિતાને કારણે જ છે. તેથી, માતાપિતા કદીક પોતાની પ્રકૃતિને-સ્વભાવને વશ થઈને વર્તી જાય એમાં દોષ ના જોવાય. **કોઈનાયે દોષ જોવાથી મન કદી ઊંચુ ચડી શકતું નથી. દોષ જોવા હોય, સમજવા હોય તો તે પોતાના જ જોવા.** જગતમાં સંસારમાં, વહેવારમાં પોતાને ગમતું કદી બનતું હોતું જ નથી. એને માટેની તાલીમ-કેળવણી પામવાનું સ્થાન સંસારવહેવારમાં હોય છે. કોઈક આપણને વઢે કરે અને તેમાંય માબાપ વઢે કરે ત્યારે તેમના તેવા વઢવામાં આપણે **આપણા પરત્વેનો એમનો પ્રેમ સમજવાને મથવું એ આપણા માટે હિતકારી છે.**

માબાપ વઢે તેથી આપણે નારાજ થઈએ એમાં આપણું ગૌરવ પણ નથી અને શોભા પણ નથી. આપણે પણ શું ગુસ્સે થઈ જતા નથી ? આપણાથી, આપણી વાણીથી, વર્તનથી, રહેણીકરણીથી આપણને જે જે બધાં મળેલાં છે તેમને પૂરેપૂરો સંતોષ આપી શકીએ છીએ ખરા ? આ જગતમાં કોઈ સંપૂર્ણ નથી. જે તે બધાંનામાં અવગુણ-દોષ પડેલા જ છે. આપણને પણ આપણો સ્વભાવ છે. આપણને પણ આપણી પોતાની રીતે વર્તવાનું ગમે છે, પરંતુ તે રીત-જીવવાની રીત સાચી નથી, **સાચી રીતે જીવવાનું તો તે જ કહેવાય કે જે રીતે જીવવાથી સંસારવહેવારમાં જે બધાં મળેલાં છે તેમને બધાંને આપણાથી કરી પ્રેમ ઊપજે, ઉલ્લાસ, ઉત્સાહ પ્રગટે અને આપણાથી કરી તેમના જીવનમાં કંઈક હળવાશ, શાંતિ, પ્રસન્નતા, આનંદ પ્રગટે અને તેમના જીવનમાં આપણાથી કંઈક ઉપયોગી થઈ પડવાનું જો પ્રભુકૃપાથી બનતું હોય તો તેમ વર્તાય.** એવા પ્રકારનું જીવન તે જીવન છે.

સ્વજન : આપ કહો છો એ ખરું છે. તો પછી એ લોકો મારા ઉપર ગુસ્સો કરે એ વખતે મારે શું કરવું ? એ વખતે હું તો લેવાઈ જઉં છું.

શ્રીમોટા : તું તો ડાહ્યો છે અને સમજુ છે. તારા ઉપર મારો આધાર છે, તું લેવાઈ જાય તે કેમ ચાલે ? એ તો માબાપ છે, તો કોઈ વાર વઢે. તેથી શું તે આપણાં માબાપ ઓછાં જ મટી જાય છે ? **આ જન્મમાં જો માબાપનું દેવું મટાડવું હોય તો તો આપણે જીવનનો નવો પલટો જન્માવવો પડશે.** જીવનને એવા પ્રકારમાં, એવા પટમાં, એવા પ્રવાહમાં પ્રગટાવવું પડશે કે જેથી આપણે તો ધન્ય થઈએ જ અને આપણા એવા જીવનથી આપણને મળેલાને પણ ધન્ય કરી શકવાની વાસ્તવિકતાની મર્યાદામાં પ્રગટી શકીએ.

માબાપ એ માત્ર સ્થૂળ શરીર નથી. આપણા નવા જીવનને જીવવા માટેનું સાધન આપનાર શક્તિ છે. પછી ભલેને માબાપને આવું બધું ભાન ન હોય. માબાપ પરત્વેનો હૃદયનો ભાવ જો આપણે યોગ્ય ભક્તિથી પિછાની નહિ શક્યા તો જગતમાં લાગણી, ભાવના, કોમળતા, આનંદ એ બધા દિલના ભાવોનો, તેના યથાર્થપણામાં આપણા જીવનમાં એકાગ્ર અને કેંદ્રિત થવાપણામાં ખચકો પડવાનો છે.

કોઈનાય પરત્વે પ્રગટેલો ઉત્તમમાં ઉત્તમ દૈવીભાવ જીવનને ખરાબે ચડી જતાં બચાવી શકે છે. આ હકીકતનો તને સાચો ખ્યાલ જાગે તો તો મને કેટલો બધો આનંદ થાય ? આ બધું કહું છું, તે આપણાં માબાપના વર્તનને યોગ્ય ઠેરવવાને માટે કહેતો નથી. તારાં માબાપ આમ તો મારાં મિત્ર છે. તેમના ગુણદોષની મને પૂરેપૂરી માહિતી છે. એમને પ્રભુકૃપાથી એમનું ભાન જાગે એવી મારી દિલની કેટકેટલી પ્રાર્થના છે. એવું ભાન તને તો નહિ આવી શકે. એટલું જ નહિ, પરંતુ તારાં માબાપને પણ એનું ભાન તો નથી જ. વળી, **તું અત્યારથી જ મોટા દિલવાળો, સાચી હકીકત એના યોગ્યપણામાં સમજવાવાળો ન બની શકે તો તો પછી તું પણ આ**

સંસારના એકમાત્ર ગાડરિયા પ્રવાહમાં જ તણાયે જવાનો છે.

સ્વજન : મોટા, આપ મારી સાથે એટલો બધો પ્રેમભાવભર્યો સંબંધ રાખો છો માટે દિલની વાતો કરું છું. કકળાટ થાય ત્યારે એમ થાય છે કે માબાપ, સગાં એ બધા સંબંધો આવા જ હોય ?

શ્રીમોટા : તારી સાથેનો મારો સંબંધ તો તું જીવનમાં દિલથી સાચી ભાવનામાં પ્રગટે અને દિલમાં દિલથી જીવનને સમજવાને મથે એ છે. જીવનનું રહસ્ય સમજવાને કાજે તારામાં સાચું મંથન જાગે એવું અનુભવવાને તો મારું દિલ કેટલો તલસાટ રાખી રહેલું હોય છે એની તને ક્યાંથી ખબર હોય ?

સમજે તો સમજાય તેવું છે. આ જગતમાં કશું જ ગૂઢ કે રહસ્ય જેવું નથી. બધું જ ખુલ્લે ખુલ્લું છે, પરંતુ આપણાં આંખ, દિલ ખૂલ્યાં નથી હોતાં તેથી જે જેવું તેના મૂળમાં છે તેનું આપણને કદી ભાન જાગી શકતું નથી અને જે છે તેનાથી ઊલટી જ રીતનું જેનું તેનું આપણને દર્શન થાય છે અને એને જ આપણે સાચું માની બેસીએ છીએ, પરંતુ આવું બધું તું ક્યારે સમજશે ? તારો જીવનપ્રદેશ આવો બધો હોવો ઘટે.

માબાપ કદીક વઢે કરે અને ધારો કે અન્યાયથી વઢે તો તેથી શું ? **આપણો ધર્મ તો એકલાં માબાપને જ નહિ, પરંતુ જે તે બધાં મળેલાં છે તે સર્વેને જ ચાહવાનો છે.** આપણા દિલના પ્રેમમાં કોઈના કંઈ કશા આમતેમ કે આડાતેડાપણાથી કશો ક્ષોભ, ઊણપ, ઓછપ પ્રગટવાં જ ન ઘટે. **પ્રેમ એ તો આપણા જીવનનું નવનીત છે. પ્રેમ એ જ જીવનનું સર્વસ્વ છે. પ્રેમ એ જ શક્તિ છે. પ્રેમ એ તો પ્રભુને પામવાનું એકમાત્ર સાધન છે.** અને સંસારસાગર તો લગભગ બધા જીવોને ખારો લાગે છે, પરંતુ પ્રેમ વડે કરીને જ એવા સંસારસાગરનું અમૃતઆનંદ અનુભવાય છે. **પ્રેમ વડે કરીને જ જીવનમાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ બદલાતાં હોય છે.** પ્રેમમાં કોઈનાયે દોષ જોવાપણું હોઈ શકતું નથી. **પ્રેમ, દોષ-અવગુણ જોઈ શકે છે, પણ એને મઠારવા કાજે. પ્રેમ તો પ્રેમના સ્વરૂપમાં એકરૂપ જન્માવવાને કાજે જ હેતુરૂપ છે.** પ્રેમ છે એટલે તો આ બધું જગત છે. એવા પ્રેમને લાયક તું થાય તો જ મને તો સંતોષ છે.

સ્વજન : મોટા, આપની વાતથી મને ઘણું સમાધાન મળે છે. મને એમ લાગી આવે છે કે આ કીચડમાં હું ક્યાં આવી પડ્યો ?

શ્રીમોટા : તું નાની નાની ક્ષુલ્લક બાબતોમાં પડી જાય અને જીવનની મહત્તા સમજતો ન થાય તો પછી શું આપણે કાદવમાં જ ખરાડાયા કરવું છે ! જીવનમાં જોઈશું તો કાદવમાંથી કમળ કેવું ખીલેલું શોભે છે ! **જો જીવનમાં પ્રેમ ખીલી ઊઠે તો આપણું આ જીવન-સાચા ભવ્ય, રમ્ય અને દિવ્ય જીવનની અપેક્ષાએ કાદવ જેવું જ છે, તેમાંથી આપણે કમળની જેમ ખીલી ઊઠીશું.** જીવનમાં જો પ્રેમ, પુષ્પની જેમ ખીલી ઊઠે છે તો આપણને આ સંસારમાં જે અનુભવવાનું મળે છે તે કંઈ ઑર જ હોય છે. **એવા પ્રેમભાવને તું કેળવી શકે તો તને જીવનમાં કેટલી બધી મસ્તી પ્રગટવાની છે ! જીવન જીવવામાં કેટલી બધી મસ્તી અને ખુમારી પ્રગટવાનાં છે ! એવા પ્રેમ વિના આ સંસારવહેવારમાં મેળવવા જેવું બીજું કશું જ નથી. પ્રેમ એ જ સર્વોત્તમ તત્ત્વ છે.** ધન, દોલત, વૈભવ, વિલાસ, માલ-મિલકત એ બધું જ પ્રેમ આગળ કશા જ વિસાતમાં નથી. પ્રેમ આગળ તેવું બધું તદ્દન ફિક્કું લાગે છે. **સંસારમાં જો કંઈ જ કશું જ મેળવવા જેવું હોય તો તે પ્રેમને કાજે છે.** એવા પ્રેમને તું ઓળખતો થાય એ જ મને તો તારા માટે યોગ્ય લાગે છે. અને જીવનનો હેતુ પણ એના માટે છે.

આ બધું કોઈ સમજે કે ના સમજે, કદાચ તું પણ હાલમાં ન સમજી શકે, તેની સાથે મને કશી નિસ્બત નથી, પરંતુ પ્રભુકૃપાથી કોઈક કાળે તું આવું બધું સમજશે જ એવી શ્રદ્ધા તારા પરત્વે દિલમાં દિલથી રાખ્યા કરી જીવું છું. માટે, આનંદમાં પ્રગટી જજે. **ઉદાસ થવું એટલે તો મૃત્યુ.** આપણે પંખીની પેઠે સદાય ગગનવિહારી થવાનું છે.

('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ' ચોથી આ., પૃ. ૯૬ થી ૧૦૧)

૮. નિંદારસ વિશે

- પૂ. શ્રીમોટા

સ્વજન : મોટા, જ્યારે કોઈની પણ નિંદાની વાત કરવી નહિ એવું નક્કી કર્યા પછી ઘરમાં જાણે સંપૂર્ણ ચૂપ થઈ જવાય છે. આમાં વિવેક કેવી રીતે કરવો ?

શ્રીમોટા : નિંદા અને કૂથલીનો જે 'જીવ'ને રસ છે અથવા તો રસ પડે છે તેવા 'જીવ'ને એવાં નકારાત્મક વલણની તેના આધારનાં કોઈક કારણોમાં એવી અભિરુચિ છે એમ ગણાય. પરંતુ તે નિંદા કેવા પ્રકારે ને શી રીતે તેની વાત જેણે કરી હોય તે પ્રત્યક્ષ જાણીએ ત્યારે ચોક્કસ સ્વરૂપે નિંદા છે કે કેમ તે ત્યારે જ કહી શકાય. કેટલીક હકીકત એવી હોય છે કે જે નિંદાના પ્રદેશની હદ સુધીની હોય પણ પ્રત્યક્ષ સ્વરૂપે તેવી કદાચ ન પણ હોય.

સ્વજન : ઘરમાં સાથે રહીએ એટલે પરસ્પર વાતો તો થાય જ ને !

શ્રીમોટા : પરસ્પર સ્વજનો આપણે બેઠાં હોઈએ ત્યારે, ઘરમાં સતત રહેતાં હોઈએ ત્યારે પરસ્પરને કંઈક વાતનો અવકાશ તો હોવો ઘટે. પરસ્પર એકબીજાની સાથે મુદ્દલે વાતો ના થાય તેવું તો બને નહિ. કોઈક જ એવાં સ્વજન પરસ્પરનાં નિત્ય સાથે રહેતાં હોય તે છતાં ઓછામાં ઓછી વાતો કરતાં હોય-એવું પણ જવલ્લે કોઈક દાખલામાં બને છે ખરું. સામાન્ય રીતે તો સાથે રહેનારાં સ્વજનોને વાતોનો તો રસ રહેવાનો-હોવાનો ને હોય તે સ્વાભાવિક પણ ગણાય. એવાં સ્વજનો સત્સંગની જ વાતો પરસ્પર કરે તો તે ઉત્તમ ગણાય. પરંતુ તેવી સત્સંગની વાતો હરહંમેશ તેવાં સ્વજનો પાસે હોઈ શકે પણ નહિ, ને કરી પણ શકે નહિ. એટલે પાસે પાસે રહેનાર સ્વજન વાતો તો કરવાનાં. હવે એવી વાત જીવનના વિકાસ પરત્વેની હોય તો તો આપણે જરૂર આવકારીએ ને તેમ છતાં **સાચું સ્વજન ધારો કે કોઈક અજાણપણે એવી નકારાત્મક વાત કરતું હોય ત્યારે તેને ઉતારી પાડવાને બદલે જો આપણે હોશિયાર અને દક્ષ હોઈએ તો ચાલતી વાર્તાના પ્રવાહને એવા જુદા પટ આપી શકીએ કે જે પ્રવાહમાં સામાવાળાને પણ ખૂબ મઝા પડે. જીવનમાં પરસ્પર સ્વજન દિલથી દિલની વાત કરે તેની પણ કોઈક ઑર મઝા છે. એ મઝા પણ માણવા જેવી છે. માત્ર મૂંગા રહેવું તે કંઈ શોભા અને ગૌરવરૂપ જેવું નથી.** એવા મૂંગા કે મૌન રહેવાની પાછળ જ્ઞાનભક્તિપૂર્વકનો જીવનના ધ્યેય પરત્વેનો જીવનનો હેતુ દિલમાં દિલથી જાગતો ધબકતો હોય તો તેવું મૌન તો જીવનને ગૌરવરૂપ છે. પરંતુ સાથે રહેનાર સ્વજનને આપણા તેવા વર્તનથી કદીક કદીક કંટાળો પણ પ્રગટે. એટલે જીવનના તો અનેક રસો છે. **એટલા માટે પરસ્પર વાત કરવાની કળા અને કુનેહ પરસ્પરમાં આનંદ પ્રગટાવવાને માટે તે એક જરૂરી અનોખી કળા છે ને તે પણ શીખવા જેવી છે.** માત્ર સ્વભાવના ચોકઠાથી કે તેવા પ્રકારની પ્રકૃતિથી અથવા તો દબાઈ જઈને આપણે મૂંગા રહેતા હોઈએ તો તે તો કળા ના કહેવાય. તે તો એક પ્રકારની રૂંધામણ પણ પ્રગટાવે.

સ્વજન : કોઈક ત્રાહિત માણસ ગમે તેવી વાત કરતું હોય અને આપણે મૂંગા રહીએ તે તો જાણે પાલવી શકે, પણ અંગનું સ્વજન કંઈક વાત કરતું હોય તે એવી પળોમાં આપણે તેમાં સાથીદાર એવાં સ્વજન જો માત્ર મૂગાં રહીએ તો સામા સ્વજનના દિલમાં આપણા માટે એક પ્રકારનો પ્રત્યાઘાત ઊઠે

છે. ત્યારે આપણને એમ પ્રશ્ન થાય છે કે તો હવે આપણે શું કરવું ?

શ્રીમોટા : નિકટના રહેનાર સ્વજનની સાથે પરસ્પર વાતો થાય અને તેવી વાતોથી કરીને દિલ બહેલે તે પણ જરૂરનું ખરું; અને જ્યાં સુધી આપણે ઉચ્ચ ગગનગામી ધ્યેયને પંથે સંપૂર્ણપણે વળી ચૂકેલાં ના હોઈએ ત્યાં સુધી આપણે પણ એક યા બીજા કારણે કોઈક એવા આપણા દિલના સ્વજનની પાસે એવી નકારાત્મક વાતમાં પણ જાણ્યે-અજાણ્યે રસ લેવાનું આપણાથી કદીક કદીક બની જાય છે ખરું. પરંતુ જ્યાં સુધી આપણા મન-પ્રાણ અને અહમે જીવનમાં એવા માર્ગ પરત્વેનું સંપૂર્ણપણે નિશ્ચયાત્મક વલણ નક્કરપણે પ્રગટાવેલું નથી ત્યાં સુધી તો પાસે રહેનારાં એવાં સ્વજન માંહે માંહે પરસ્પર એકબીજાની વાતો કરવાનાં અને **એવી વાતોના રસમાં નિંદા-કૂથલી ના હોય તેવી આચારસંહિતા પરસ્પરે ઘડી લેવી જોઈએ ખરી. એવા પરસ્પર નિકટ રહેનાર સ્વજનના દિલમાં એમ જો સો એ સો ટકા નક્કી ઊગી ગયેલું હોય કે નિંદા-કૂથલીનો રસ એ જીવનને પાડનારો છે અને એથી આપણને પોતાને કશો ખરો લાભ તો થતો હોતો નથી ને કેટલીક વાર તો દિલ એથી ઊલટું તંગ પણ બને છે એવી સમજણ દિલમાં પાકે યા જો પરસ્પરમાં પ્રગટી ગયેલી હોય તો તેવાં સ્વજન તેવા પ્રકારની વાત તો કાઢશે જ નહિ.** કેટલીક વાર એમ પણ હોય છે કે આપણે વાત કરવાની હોય અને તે હકીકતે તેની વાસ્તવિકતામાં જેમ જે બન્યું હોય તે કદાચ કોઈક વાર તેમ કહેવાનું બને અને તેવું કહેવાનો કોઈ પ્રસંગ આપોઆપ પ્રગટે ત્યારે આપણાથી તેમ કહેવાનું હોય ત્યારે તેવા કહેવાપણાનો ઉદ્દેશ કેટલીકવાર તે માત્ર નકારાત્મક જ હોય છે તેવું ના પણ બને. આ તો આપણને બધાંને સમજણ પડે તેટલા માટે બધું વિગતવાર કહ્યું છે.

નિકટમાં નિકટ સ્વજનની સાથે-જેમની સાથે સતત એકધારું જીવન આપણે ગાળવાનું છે-તેને આપણા થકી કરીને ઉત્સાહ, આનંદ અને પ્રેરણા પ્રગટ્યાં કરે એ પણ આપણો ધર્મ છે. આ રહસ્યને પામવાને માટે તો પરસ્પરના દિલનું એવું ઉત્કટ અને ઉન્મુખી આપણું દિલ જાગેલું હોવું ઘટે. એ વિનોદની કળા આપણો સમાજ હજી સુધી કેળવી શકેલો નથી. **હકીકતમાં સો એ સો ટકા સાચું હોય અને તે વ્યક્ત કરવાથી સામાન્ય દિલને આઘાત પહોંચે તેવું હોય તો તેવું વ્યક્ત કરવાનું પણ જતું કરવું પડે છે અને એવું જ્ઞાનપૂર્વક કરીએ ત્યારે એનામાં ખામોશીની કળા અને શક્તિ પ્રગટે છે.** એવા સમયે તેવો સ્વજન દબાઈ જઈને તેવું નથી કહેતો હોતો તેવું નથી હોતું. **આપણે તો જે આપણું પોતાનું નિકટનું સતત એકધારું સ્વજન છે તેના દિલને રંજન પમાડવાને આપણો ધર્મ જો આપણને સાચી રીતે ઊગી જાય અને તો એવાને આપણે માત્ર ચાહ્યાં જ કરવો છે. એનું જ્ઞાન જો પ્રભુકૃપાથી પ્રગટે તો ઉપરના પ્રકારના સ્વજનના દિલમાં પોતાના સ્વજનના દોષ-અવગુણ કે ખામી તેના દિલમાં જગા કરી શકતાં નથી.** પરંતુ આપણા વડે કરી જેનાં જીવન ઘડાવાનાં છે તેવાં સ્વજનને એટલે કે બાળકોને તેમના દોષો કે અવગુણો ચિંધ્યા વિના કે તેવા દોષોને જરાકે મહત્ત્વ આપ્યા વિના તે તે દોષ કે ભૂલ કે અવગુણને સુધારવા પરત્વેનું વલણ પ્રગટે તેવા પ્રકારની વ્યક્તવ્યની કળા આપણે પોતે શીખવાની રહે છે.

તા. ૪-૫-'૬૪

('આકાશી ઉજાસ' પ્ર.આ., પૃ. ૩૮ થી ૪૩)

૯. 'સદ્‌ભાવ'નો જય હો ! - રમેશ મ. ભટ્ટ

પૂજ્ય શ્રીમોટાએ સતત 'ભાવ' શબ્દને જ મહત્ત્વ આપ્યું છે. **'ભાવ' એ જ પ્રભુનું વ્યક્ત લક્ષણ છે,** પરંતુ આપણે સૌ **'ભાવ'** શબ્દને આપણે પોતપોતાની રીતે ન સમજીએ અને એનો પૂરો અર્થ ન પામીએ એથી તેઓશ્રીએ આપણને 'સદ્‌ભાવ' રાખવાનું અને વધારવાનું સમજાવ્યું છે. **આપણે જેમની સાથે વ્યવહારમાં આવીએ એમના પ્રત્યે સદ્‌ભાવથી વર્તવું એ આપણા સૌ માટે સૌથી પહેલું પગલું છે.** આ પણ સાધનાનું અંગ છે, પણ આપણને પ્રશ્ન થાય કે બધા પ્રત્યે સદ્‌ભાવ કેવી રીતે રહે ? તેઓશ્રીએ આ માટે આપણામાં રહેલાં નકારાત્મક વૃત્તિને વલણને ઓળખાવીને એ વિજયી ન બને એ માટે સમજૂતી આપી છે. **આપણી સત્ત્વ, રજસ અને તમસ ગુણવાળી પ્રકૃતિમાં રજસ અને તમસનાં વલણો છે અને એ આપણા પૂર્વજન્મના સંસ્કારોના સ્વભાવરૂપે ઉદય પામે છે** અને આપણા કર્મની ભૂમિમાં રહીને વર્તે છે.

આમાં **સૌથી પહેલું વલણ અસૂયા છે. અસૂયાનો સાદો સીધો અર્થ દ્વેષ થાય છે, પણ અસૂયાનો વિશિષ્ટ અર્થ છે-બીજાના ગુણ જોવા છતાં એને દોષરૂપે જોવાની ટેવને અસૂયા કહેવાય.** આ નકારાત્મક વલણ આપણામાં છુપાયેલું છે. આપણા પરિચયમાં અથવા સંબંધમાં રહેતી વ્યક્તિ પ્રત્યે આપણામાં આવી અસૂયા હોય છે. કોઈમાં આપણા કરતાં ચડિયાતી ગુણશક્તિને આપણે સહી શકતા નથી. આથી અંદરથી બળીએ છીએ અને પ્રસંગ કે પરિસ્થિતિ ઊભી થતાં તે વ્યક્તિ પ્રત્યે આપણે ચીડ, રોષ અને તિરસ્કાર કરીએ છીએ. આપણને મળેલામાંથી કોઈને સારી, સુંદર અને કલાત્મક વસ્તુનું દર્શન પણ આપણને જણાવે તોપણ 'એમાં શું નવાઈ છે', આવું બોલીને છણકાવીએ છીએ. આવા વલણને જીતવાં દેવું એ સદ્‌ભાવને પ્રગટ થતો રોકવા બરાબર છે.

બીજું વિઘાતક વલણ દ્વેષ છે. આમ તો દ્વેષ ઓળખાય એવો છે. **એનાં વ્યક્ત લક્ષણોમાં ક્રોધ અને મદ છે.** આપણને શા માટે ક્રોધ થાય છે એનું પૃથક્કરણ કરીએ તો સમજાશે કે જે કોઈ આપણા સંગી છે એ **આપણી માન્યતા કે સમજથી ઊલટું વર્તે ત્યારે ક્રોધ થાય છે. વળી જે આપણો ક્રોધ ખમી શકે એવી વ્યક્તિ જ આપણા ક્રોધનો ભોગ બને છે. આપણામાં 'મદ' છે. મદ એટલે માત્ર અહંકાર નહિ, પરંતુ આપણે પોતે કંઈક વિશેષ છીએ અને આપણામાં બીજા કરતાં વિશેષતા છે. એ વિશેષતાનો સામેની વ્યક્તિ આગળ સતત 'દેખાવ' કરવો એમાં 'મદ' રહેલો છે. આપણા મદના આવા અતિરેકથી 'ઉન્નત' અને 'છકેલા' બની શકીએ એવું આ મદનું જોર છે.** આમ મદ સદ્‌ભાવનો બીજો મોટો અંતરાય છે. એ દ્વેષરૂપ છે અને દ્વેષનું પરિણામ છે.

ત્રીજું 'વેર' છે. વેરઝેરનું ભયાનક અને વિનાશક દૃષ્ટાંત મહાભારતની કથા છે. પૂજ્યશ્રીમોટાએ મહાભારતને રાગદ્વેષના ઇતિહાસ તરીકે ઓળખાવ્યો છે. આપણામાં 'વેર' ભરચક છે. આપણા પોતાના અંગરૂપ પોતાના પ્રત્યે પણ આપણે 'વેરીલા' થઈ શકીએ છીએ. **'વેર'નું બીજું નામ 'બદલો' છે. કશાનો પણ 'બદલો' વાળવાની વૃત્તિ થવી એ 'વેર' છે. કોઈ આપણા પ્રત્યે વેરભાવ રાખે અને વર્તે તો આપણે એના પ્રત્યે પ્રેમભાવ રાખીએ એવી શક્તિ આપણામાં નથી,** પરંતુ કોઈ વ્યક્તિ વેરભાવથી વર્તે ને એની સામેનું આપણું વર્તન વેરભાવ વિનાનું **(અવેર)** થાય એવી જાગૃતિ અને શક્તિ આપણામાં રહેલી છે.

આવાં ત્રણેય નકારાત્મક બળો કામયાબ ન નીવડે અને **બધાં પ્રત્યે આપણામાં રહેલો સદ્‌ભાવ સતત રહ્યાં કરે એ માટે પ્રાર્થના ઉત્તમ સાધન છે.** આવી ભાવના આપણામાં જગાડવા, ટકાવવા અને કાર્યરત થવા પૂજ્ય શ્રીમોટાએ આપણને પ્રાર્થનાના

શબ્દો પણ આપ્યા છે. આ શબ્દોમાં પ્રબળ શક્તિ છે, કેમ કે જે હૃદયમાં પરમાત્મા પ્રગટ થયા છે, ત્યાંથી આ શબ્દો આવ્યા છે.

ઉપર દર્શાવેલું કશું પણ નકારાત્મક વલણ જાગતું જણાય એટલે સતત આ પ્રાર્થના કર્યા કરવાથી 'સદ્‌ભાવ' પ્રગટે છે અને વિજયી બને છે એ નિશ્ચિત હકીકત છે. આપણા પક્ષે તો પૂજ્ય શ્રીમોટાને પ્રાર્થના કરીને પ્રાર્થનામાંના ભાવ પ્રમાણે વર્તવાની દિલની તત્પરતા જ રાખવાની છે.

(અનુષ્ટુપ)

'સદ્‌ભાવ હો બધાં પ્રત્યે, અસૂયા, દ્વેષ, વેર તે
-જીવને મુજને ના હો' પ્રાર્થના એવી છે તને.

'ગુણવિમર્શ', પ્ર.આ. પૃ. ૬૯ - **શ્રીમોટા**

("મોટા' તો કોઈ ઑર છે !' પ્ર.આ., પૃ. ૩૬ થી ૩૮)

૧૦. માતા-પિતાનું ઋણ - પૂ. શ્રીમોટા

(યૌવનમાં પ્રવેશેલા એક બાળમિત્રને પૂજ્ય શ્રીમોટાએ લખેલો એક પત્ર.)

તા. ૨૬-૬-૬૮

મારાથી તને શિખામણ તો ન દેવાય. હવે તારી ઉંમર મોટી થઈ એટલે આપણે મિત્ર છીએ. આમેય પ્રભુકૃપાથી મેં તો તારું કહ્યું જ કર્યું છે. તારી કોઈ પણ ઇચ્છા પૂરી કર્યા વિના રહ્યો નથી. તેં ઊંધું કહ્યું હશે, તો તે પ્રમાણે કરતાં મને સંકોચ થયો નથી; પરંતુ આજે તું એટલો બધો યાદ આવ્યો કે ન પૂછો વાત. તારી મા તો એમ જ કહે કે મોટાને તો જેમાંને તેમાં તું જ મહત્ત્વનો. પરંતુ મારે તને આજે એક ઉપનિષદની વાત કહેવી છે.

"એક ઋષિ હતા. તેમને એક પુત્ર. ઋષિ દાન કરવા બેઠા. ઋષિ તો જે જે ગાયો દૂધ દેતી ન હતી, ને વૃદ્ધ થઈ ગયેલી હતી, તેવી તેવી બધી જ ગાયો દાનમાં દેવા લાગ્યા. ઋષિના પુત્રથી આવું જોયું ન ગયું, ને અલબત્ત, નમ્રતાથી પોતાના બાપને કહે, 'પિતાજી, આપ નબળી ને દૂધ જ ન દેતી હોય તેવી ગાયોને દાનમાં આપો છો, તેના કરતાં સારામાં સારી, જે ઉત્તમ હોય તેવી ગાયોનું દાન કરો ને સાથે સાથે તેને નિભાવવી પડે તે માટે ઘાસચારો પણ આપો તો તે ઉત્તમ. **દાન તો ઉત્તમમાં ઉત્તમ જે હોય તેનું જ કરો ને. તે રીતે હું તમારો પુત્ર ઉત્તમ, તો તેનું દાન કોને કરો છો ?' ઋષિ તો ક્રોધે ભરાઈ ગયા ને ગુસ્સાથી બોલ્યા કે 'જા તારું દાન યમને કરું છું.'** આ જાણી પુત્ર (નચિકેતા) તો યમને ત્યાં ગયો. યમ બહાર ગયા હતા તેથી તે ત્રણ દિવસ બારણે પગથિયાં આગળ ખાધાપીધા વિના જ-ત્યાંનો ત્યાં-બેસી રહ્યો. પછી યમ આવ્યા. તેમણે નચિકેતાને પૂછ્યું તો નચિકેતાએ માંડીને બધી વાત કરી. યમ તેના પર ઘણા પ્રસન્ન થયા, ને કહ્યું કે, 'તું ત્રણ દિવસ મારે ત્યાં એમને એમ મારી રાહ જોતો બેસી રહ્યો એટલે તું મારી પાસેથી ત્રણ વરદાન માગ.' એટલે નચિકેતાએ સૌ પ્રથમ તો વરદાન એ માગ્યું કે, 'મારા પિતા મારા પર પ્રસન્ન થાય તેમ કરો."

આનાથી આગળની વાત તને લખતો નથી. આપણું શરીર માતાપિતાથી બંધાયેલું છે. શરીર વડે કરીને જ આપણે તે કરી શકીએ. **દુનિયામાં બીજા બધાના કરેલા ઉપકારનો બદલો કદાચ વાળી શકાય, પરંતુ માતાપિતાના ઋણનો બદલો તો વાળી જ ન શકાય.** હવે તું મોટો થયો છે ને સમજુ થયો છે. એટલે આટલું તને લખ્યું છે. તું નાનો હતો ત્યારે તને કદીક કદીક વાર્તા કહેતો. પરંતુ તે બધું તને યાદ ન પણ હોય. પરંતુ હવે તો તું મોટો થયો છે, એટલે આ વાર્તા તો તને યાદ રહેશે જ. **મને પણ જ્યારથી ભગવાનને અનુભવવાથી સાધનામાં પડેલો તે પછીથી જ માતાપિતાના ઋણનો સાચો ખ્યાલ આવ્યો હતો,** જે તને આજે જણાવ્યો છે. મારી સાથે સાધનામાં જે પડેલા છે તેમને પણ માતાપિતાના ઋણની હકીકત કહું છું ને તેઓ તેમ સમજતા થયા છે.

('આવી મળે એ અવસર' પ્ર.આ., પૃ. ૧૬ થી ૧૮)

૧૧. ધ્યાનનો હેતુ

- પૂ. શ્રીમોટા

ધ્યાનમાં બેસવાનો એક હેતુ જેમ નીરવતા પ્રગટાવવાનો છે, તેમ તેનો બીજો હેતુ નીરવતાની સ્થિતિ આપણો કર્મવહેવાર થતાં થતાં પણ જોખમાય નહિ અને કર્મ આપમેળે સહજપણે થયા કરે, તેવી શક્તિ જાગ્રત કરવાનો છે. ધ્યાનથી કરીને જીવનકક્ષા ઊંચી થાય અને આપણને એનું જ્ઞાનભાન રહે અને એવા જ્ઞાનભાનની લહરી સતત એકધારી સર્વ કાંઈ કરતાં કરતાં જીવતીજાગતી રહ્યા કરે તેને માટે પણ ધ્યાનનું સાધન ઉત્તમ છે. આજકાલ તો જે તે બધાં ધ્યાન કરવાને બેસી જતાં જોયેલાં છે. જેમ વેપાર કરવાને મૂડીની આવશ્યકતા ઘણી ઘણી છે, તેમ **ધ્યાનને માટે પણ તેની શરૂઆત કરતાં પહેલાં આપણાં મનાદિકરણમાં એકાગ્રતા કેળવાયેલી હોય તે ઘણું જરૂરનું છે. એકાગ્રતા કેળવાયા વિના ધ્યાન થવાની શક્યતા નથી.**

કરાંચી, હરિઃૐ તા. ૨૮-૨-૧૯૪૦

૧૯૨૪માં કરાયેલી પ્રાર્થનાઓ

(મંદાક્રાન્તા)

સ્હેવું એ તો અઘરું ઘણું છે પ્રેમનું દર્દ ઊંડું,
સ્વપ્નેયે ના સુખ, કદી ભૂલે માગશો કોઈ એવું,
પસ્તાશે જે તહીં નહિ જશે, જે જશે તેય રોશે,
ન્યારી એવી અકલ ગતિ છે પ્રેમના પંથની તે !

પ્રીતિપંથે પળવું, પડવું અગ્નિમાં જેમ તેવું,
ક્યાંયે એનું મરી પણ ગયે ના ઠરે બાપ, હૈયું,
કો દી એને જરીય પણ ના ક્યાંય આરામ રહેશે
જાણ્યું તોયે, પડતું મૂરખે હર્ષથી નાખ્યું છે મેં.

(શાર્દૂલવિક્રીડિત)

તારું મંદિર સ્વચ્છ સાફ કરવા ભારે મથું છું, પ્રભુ !
ક્યાંયે રહે કચરો જરી નહિ સદા એવા હું યત્નો કરું,
તોયે કૈં મનને પસંદ પડતું ના કામ એવું થતું,
રહેવા યોગ્ય પૂરું ક્યમ કરી એને બનાવું ? પ્રભુ !

તું છે તાત, કૃપાનિધિ ત્યમ છતાં શાને કૃપા ના કરે ?
ટીપું એક જ આપતાં કંઈ કશું તારું ખૂટી ના જશે,
કૈં કૈંને કરિયા નિહાલ શરણે જે સર્વ આવ્યા, પ્રભો !
છે શું વંચિત રાખવો ગરીબ હું આ એકલો ઈષ્ટ તો ?

તું મારું મન મંત્રમુગ્ધ કરજે, તાબે રહે જેથી તે,
ક્યાંયે ના ચસકી શકે પણ જરી ને ઠામ મેળે રહે,
માગ્યામાં ઉર એટલું તુજ કને માગું પ્રભુ ! એક હું,
એ દે, તો મુજ રંક ભાગ્ય ફળશે, દેખું રૂડો દી પ્રભુ !

તારું મંગળ નામ હું હૃદયથી ભૂલીશ કેમેય ના,
છોને પ્રાણ જતા, છતાં પણ કદી હું ટેક મૂકીશ ના,
જારી યત્ન રખાવવો હૃદયથી છે હાથ તારે પ્રભુ !
મારો યજ્ઞ કરાવતો ન તપનો તું ભંગ કો દી પ્રભુ !

આદર્શને વિસ્તારની પાંખો

આંતરિક શક્તિ મેળવીએ અને પછીથી શ્રીભગવાનના યંત્ર બની જઈએ અને પછીથી તેની આ ગૂઢ રહસ્યમય રચનામાં, લીલામાં આપણે તેના હેતુના હથિયાર બની જઈએ, અને જે હેતુનો ભાગ ભજવવાને માટે શ્રીભગવાનની કૃપાથી આપણે સર્જાયેલાં હોઈએ તે હેતુને પ્રેમભક્તિથી સાધ્યા કરીએ, પરિપૂર્ણ કર્યા કરીએ, એવો જીવનનો હેતુ પણ દિલમાં દિલથી ખ્યાલમાં રાખ્યા કરવાનો છે. જીવનના આદર્શને સદાય વિસ્તારની પાંખો છે. આદર્શને જેમ જેમ આપણે ભાવનાથી પામવાનો પ્રયત્ન કરીએ, તેમ તેમ આદર્શનું તાદશ્યપણું થતું જતું અનુભવાય છે. આદર્શને સંપૂર્ણપણે એકસામટો એક સમયે પૂરેપૂરો અનુભવી શકાય એવું બનવાની શક્યતા ઘણી ઓછી છે. પ્રભુકૃપાથી આદર્શની ઝાંખી થાય અને એવાં પ્રકારનાં દર્શનથી જીવનમાં તે પરત્વેનું આકર્ષણ એકાગ્રતાની ઉત્કટતાથી પ્રગટે અને તેના પરત્વેનું ઘણું આકર્ષણ દિલથી પ્રગટે તે હકીકત સાચી છે, અને આદર્શ આટલો અને આવો જ છે, એમ શરૂ શરૂમાં ભલે આપણે સ્વીકારીએ, પરંતુ સાચી રીતે તો તેનો પણ અંત નથી હોઈ શકતો.

('જીવન દર્શન' ૧૧મી આ., પૃ. ૨૦ થી ૨૨)

૧૨. મૌનમંદિરથી અંતર્મુખતા પ્રગટે

- કાર્તિકેય અનુપરામ ભટ્ટ

સ્વસ્વરૂપની ઉપલબ્ધિ બાદ શ્રીમોટાએ એમના ગુરુદેવને હૃદયસમીપે લાવીને નમ્રતાથી પૂછ્યું : ‘આપની કૃપા અને આશીર્વાદથી જે પામ્યો છું તેની ગુરુદક્ષિણા તરીકે આપને શું આપું? ત્યારે ગુરુમહારાજે જે કંઈ કહ્યું તેને નીચે પ્રમાણે દર્શાવી શકાય :

- **તને જે કંઈ મળ્યું છે અને તું જે કાંઈ પામ્યો છું તે એકલો ન ભોગવીશ પણ સૌને એનો પ્રસાદ વહેંચજે.**
- **તારી પાસે આવનાર સજ્જન, દુર્જન બધા સાથે સમાનભાવે વર્તજે. દુર્જનને તું વધુ ચાહજે જેથી તે દુર્જન મટીને સજ્જન થાય.**
- **તારી પાસે ન આવનાર માટે પણ તું બધું કરી છૂટજે. સમગ્ર સમાજનું કલ્યાણ થાય એવું કંઈ કરજે.**

શ્રીમોટાએ ગુરુમહારાજના આદેશોના પાલનની શરૂઆત હરિઃૐ આશ્રમોની સ્થાપનાથી કરી. પહેલો આશ્રમ દક્ષિણ ભારતના કુંભકોણમ્ શહેરમાં કાવેરી નદીના કાંઠે, બીજો આશ્રમ નડિયાદમાં શેઢી નદીના કાંઠે, જ્યાં કબીરપંથના સાધુઓએ ધર્મધ્યાન કરેલું તે જગ્યાએ અને ત્રીજો આશ્રમ સૂરત શહેરમાં તાપી નદીના કિનારે રાંદેર પાસે સ્થાપ્યો. શ્રીમોટા એ જાણતા હતા કે સાધકની ગમે તેવી શુભનિષ્ઠા હોય તે છતાં તેનો અંગત સાંસારિક પરિવેશ તેને માટે સાધનાનું યથાયોગ્ય અનુકૂલન પૂરું પાડવામાં ઊણો ઊતરતો હોય છે. કદાચ બાધાકારક પણ નીવડતો હોય છે. તેથી તેની સાધના જરૂરી બળ પકડી શકતી નથી. આવા સંજોગોમાં સાધકોને તેમની સાધનામાં અત્યંત સશક્ત અનુકૂલન પૂરું પાડી શકે, વધારાનું બળ પૂરું પાડી શકે, અંદરના હઠીલા અંતરાયોને નિવારવામાં નક્કર નિર્ણાયક મદદ પૂરી પાડી શકે તે માટે હરિઃૐ આશ્રમમાં મૌનમંદિરોની સ્થાપના કરી.

હરિઃૐ આશ્રમમાં મૌનમંદિરની સ્થાપના પાછળના હેતુને સ્પષ્ટ કરતાં શ્રીમોટાએ કહ્યું હતું : “માણસ જ્યારે પ્રવૃત્તિમાં રત થયેલો હોય છે ત્યારે તે પોતાના વિશે, સ્વવિકાસ સંબંધે વિચારી શકતો નથી, એટલો બધો તે બહિર્મુખ હોય છે. જો તે અંતર્મુખ બને તો જ પોતાના વિશે વિચારવાનું બની શકે. એ હેતુથી મેં આ મૌનમંદિરની સ્થાપના કરી, કેમ કે મેં તેવું અનુભવેલું છે. હું એકાન્તવાસ દર વર્ષે એક માસ કરતો. તેના ફાયદા મેં અનુભવ્યા એટલે હાલના સમયમાં દરેક મનુષ્યને સંસારમાં રહીને અંતર્મુખતા કેળવવા સાધન-સંજોગો પ્રાપ્ત થાય તેટલા વાસ્તે આ મૌન-એકાન્ત-મંદિર બનાવ્યા. **આત્મવિકાસ માટે અભય, નમ્રતા, મૌન અને એકાંત આટલું અનિવાર્ય છે. મૌન, એકાન્ત, અભય અને નમ્રતાથી ભગવાન પ્રત્યેની અભિમુખતા પ્રગટે છે, અંતર્મુખતા પ્રગટે છે. ખૂબ ખૂબ નમ્રતાને કારણે આપણામાં શૂન્યતા પ્રગટ થવાની શક્યતા રહેલી છે અને શૂન્યતામાં પહોંચતા જ્ઞાન પ્રગટે છે. અનુભવની આ હકીકત છે.**

શ્રીમોટા કહે છે : ‘શ્રી સદ્‌ગુરુનું બહુ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સ્મરણ થાય છે. એમનો આભાર હું શબ્દોથી માનું તે કોઈ રીતે યોગ્ય નથી. એમણે જે દીવો મારામાં પેટાવ્યો, એવો સદ્‌ભાવ કોઈ જીવમાં પેટાવી શકાય તો એવા સદ્‌ગુરુનું ઋણ ત્યારે જ ફીટે. એ ઋણ ચૂકવવા માટે આ આશ્રમમાં મેં મૌનમંદિરો કાઢેલા છે.’ **શ્રીમોટાના મનથી એક નિર્વિવાદ હકીકત એ હતી કે : ‘જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા લડ્યા વિના આ જ્ઞાન કોઈ કાળે મળી શકવાનું નથી.’ આ મૌનમંદિરો ‘રોકડો અનુભવ કરાવનારાં પ્રયોગમંદિરો છે.** કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનો માણસ તેનો લાભ લઈ શકે છે. આજની સ્થિતિ એવી છે કે દેશ-વિદેશથી લોકો આ મૌનમંદિરોમાં એમની અનુકૂળતા અને જરૂરિયાત અનુસાર ૩ દિવસથી માંડીને ઘણા બધા દિવસો સુધી બેસવા પ્રેરાય છે.

(હરિ ૐ મોટા ઉપદેશ અને ઉપનીધ)

૧૩. સાંભળો, પણ ન સાંભળો

- પૂ. શ્રીમોટા

સંસારી વાતચીતમાં સંસારની રીતે કદી પણ ભાગ લેવાનું ન બની જાય, તેની તો પૂરેપૂરી સંભાળ રાખવાની છે. સામા જીવની વાતોથી અળગા થવાનું ધારો કે એકદમ ન થઈ શકે એવું હોય, સામો જીવ વડીલ હોય અને પોતે એવી વાતો કરતો હોય, તેવી વેળા શું કરવું એવો પ્રશ્ન ઊઠે ખરો અને એવા પણ પ્રસંગ સંસારમાં બને છે. તેવી વેળા આપણે જો પૂરેપૂરાં જાગેલાં અને ચેતેલાં, સાવધાન, સાવચેતીવાળાં રહી શકેલાં હોઈએ તો તો તે વાત સાંભળવા છતાં સાંભળવાનું ન બને. તે એવી રીતે કે મનને તો સ્મરણધારણામાં બુડાડી દેવાનું પ્રભુકૃપાથી થયા કરતું હોય અને પોતે તેમની સાથેની વાતોમાં કોઈ પણ પ્રકારનો રસ લીધા કરવાનું ન કરતો હોય. તેમ જ તેમાં આમની કે તેમની ટાપસી પણ ન પૂરતો હોય. વડીલની તેવી સાંસારિક વાતોમાં પોતે સહાનુભૂતિ દેતા હોય એવું તેને તે લાગવા દેતો નથી. એવી વાતોને તો ભૂલેચૂકે પણ ઉત્તેજન ન અપાઈ જાય તેની સોએ સો ટકા કાળજી પ્રભુકૃપાથી રાખી શકતો હોય છે. જીવ વડીલ ભલેને હોય, એને આપણા રોજિંદા વર્તનવ્યવહારથી ખબર તો પડી જવી ઘટે કે હવે તેને સંસારની આવી આડીતેડી વાતોમાં કશો રસ નથી. આપણી એવા પ્રકારની છાપ, અસર, આપણા ચાલતા રહેતા સતત નામસ્મરણના યજ્ઞથી તેમના તેમનામાં જન્માવવાની છે તે જાણજે. કદાચ કોઈ એવા વડીલ જીવો બેચાર મહેણાં સંભળાવી દે તો તે પ્રેમભક્તિભાવે સાંભળી લેવું. સંસારની એવી વાતોમાં આપણે જો રસ લેવાનું સમજણપૂર્વક મૂકી દેવાનું કરીશું, અને એની પૂરેપૂરી ખાતરી આપણી આગળપાછળના જીવોને જો થઈ ગઈ તો તો કોઈ પણ આપણી આગળ એવી વાત કરવાને પ્રેરાશે નહિ. સહુ કોઈના મનમાં એમ જ થયા કરવાનું કે ‘જવા દોને એને ! એ તો હવે ભગત થઈ ગઈ છે !’ એમ કહી તે લોક આપણો કક્કો જ કાઢી નાખશે. સંસારવહેવારમાં જીવન વિકાસની ભાવનાની રીતે યોગ્યપણે મથનાર અને જીવનાર જીવને સંસાર વલોવી તો જરૂર નાખશે, પરંતુ આપણે તો એમાંથી માખણને અનુભવવું છે.

એટલે સંસારી વાતોની લપછપમાંથી ઉત્તમ રીતે ટળી જવાનો સાચો ઉપાય તો શ્રીભગવાનનું નામસ્મરણ છે. એને સતત એકધારું ચલાવ્યા જ કરવું. એની અસર આપોઆપ જેની તેની ઉપર પ્રગટવાની હશે તો પ્રગટશે. આપણે કંઈ થોડું જ બીજાંની ઉપર અસર ઉપજાવવાને નામ લેતાં હોઈએ છીએ ! જેમ ધૂની માનવીની સાથે કોઈ લપ્પનછપ્પન કરતું હોતું નથી, જે તે કોઈ એને જોઈ કહેતું હોય છે કે ‘જવા દોને ભાઈ ! એ તો ધૂની છે !’ એમ આપણે નામસ્મરણમાં જ્ઞાનભક્તિપૂર્વક ધૂની થઈ જવાનું છે, બની જવાનું છે. સંસારના જીવો ભલે આપણો કાંકરો કાઢી નાખે, પણ આપણે તો કોઈનો કાંકરો કાઢી નાખવાનો નથી. આપણે તો પ્રસંગ પડતા જેનું તેનું કામ પ્રભુસેવાભાવે કરવાનું છે. કામથી કંઈ ઘસાઈ જવાના નથી. **આપણે તો સર્વેને હૃદયથી ઘણાં ઘણાં ચાહવાનાં છે, પણ તે શ્રીભગવાનની ભાવનાના સ્વરૂપે જ.**

વળીવળીને આપણે તો જેમાં ને તેમાં એવો જ ભાવ જ્ઞાનભક્તિપૂર્વક પ્રગટાવવાનો રહે છે. એ જ આપણું દૈવત અને જીવન. એનું જ નામ છે સાચી સાધના. આવા સતત એકધારા જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસની અસર આપણામાં અને બહાર પડ્યા વિના રહી શકતી નથી. આપણે તો બધાં જ ઉપર સદ્ભાવ રાખ્યા કરવાનો હોવાથી અને એવી રીતે એ ભાવે બીજાં સાથે વર્તતાં હોવાથી, બીજા જીવોને

આપણે બેપરવાવાળાં લાગી શકવાના નથી. આપણાથી કોઈ કનિષ્ઠ પ્રકારનું છે એમ તો કદી સમજવાનું નથી. જેમ જે કોઈ હોય તે તેને તેને સ્થાને ભલે હોય, એમાં આપણે શું ? આપણે તો આપણામાં રમ્યા કરવાનું છે. **સંસાર તો મળેલો છે, જીવનું જીવપણું ટાળવાને કાજે. જેમ કાંટાથી કાંટો નીકળી શકે છે, જેમ ઝેર ઝેરની માત્રાથી ટળી શકે છે, તેમ જીવનું સંસારીપણું જીવનવિકાસની ભાવનાને સંસારમાં તેની યથાર્થતા વડે કરીને જીવવાથી ટળી શકે છે, તે નક્કી જાણવું.**

આપણે તો જે તે બધું શ્રીહરિની સાથે છે. સંસાર પણ એની સાથે છે. **એને જ જેમાં ને તેમાં સંઘરવાનો છે. જેમાં ને તેમાં એ જ સર્વથી મોખરે હોય. આદિ, મધ્ય અને અંતમાં તે જ હોય.** તેની પછવાડે ભલેને બીજા અનંત હોય તેની પરવા નથી.

'જીવનપોકાર', બીજી આ. પૃ. ૮૪-૮૬

૧૪. પૂ. શ્રીમોટાની પતિ-પત્નીને પરસ્પર શીખ

ગુજરાતના સમાજસેવક સંત, ગાંધીજીના આદર્શો અને સિદ્ધાંતો જીવનમાં પચાવનારા નડિયાદ પાસે શેઢી નદીના કિનારે, રાંદેર નજીકના જહાંગીરપુરામાં તાપીતટે તેમજ કાવેરી નદીને કિનારે કુંભકોણમ્‌માં હરિઃૐ આશ્રમની સ્થાપના કરનાર પૂજ્ય શ્રીમોટા આપણા જમાનાની એક વિશિષ્ટ હસ્તી છે. **૨૩ જુલાઈ ૧૯૭૬માં પોતાની મેળે આનંદપૂર્વક દેહત્યાગ કર્યા પછી તેઓશ્રી ચેતનરૂપે છે; જે કોઈ તેઓશ્રીને કોઈને કોઈ નિમિત્તે સ્મરે છે, એના હૃદયમાં એ સક્રિય બને છે અને એના જીવનને ઉર્ધ્વગતિએ પ્રેરે છે.**

જ્યારે **પૂ. શ્રીમોટાને એક સ્વજને પૂછયું** કે કોઈ વ્યક્તિ પરણેલી હોય અને એ પોતાના જીવનમાં ઉર્ધ્વગમન માટે સાધના કરવા ઝંખતો હોય તો એણે પોતાની પત્નીને કયા ભાવથી સ્વીકારવી. આપણે જો કોઈ સ્ત્રી જીવનસાધના ઝંખતી હોય તો એના પતિ સાથે કઈ રીતે વર્તવું ?

પૂ. શ્રીમોટા આ પ્રશ્નનો જવાબ ખૂબ ઉદાર મનથી આપણને કહે છે કે પ્રકૃતિમાં સુરમ્ય, સૌન્દર્યથી ભરેલા દૃશ્યો નિહાળીને આપણા મનને કેટકેટલો આનંદ થાય છે ! તેવી જ રીતે આપણે આપણી પત્નીના સ્વરૂપને (અને પત્નીએ પતિના સ્વરૂપને) નિહાળી તેમાંથી એવી સમજ ને દૃષ્ટિ વિકસે એમ આપણે પત્નીને સાધક તરીકે બલકે સાધના તરીકે સમજવાની છે. એનો પ્રત્યેક ભાગ આપણામાં દિવ્ય ભાવના પ્રેરવાને માટે ભગવાને સર્જાવ્યો છે. એ આપણી સમજમાં ઉતરવું જોઈએ. એની સાથે બીજી કોઈ ભાવનાથી આપણાથી રમત રમી શકાશે નહીં. પરિણીત સાધકોએ આ વાત ખૂબ જ ધ્યાનમાં રાખવાની છે. આપણી સાધનાના મહત્ત્વના ભાગ તરીકે વર્તનમાં મુકવા જાગૃતિ-પૂર્વક પ્રયાસ કરવો પડશે એવી સાધના જો આપણે કરીશું તો આપણને તેના ઉપર આપોઆપ પ્રેમ પ્રકટ થશે જ. જો કે વ્યવહારક્ષેત્રમાં આપણે તેના સ્ખલનો બતાવવા પડશે. **જ્યાં જ્યાં તેની પ્રવીણતા ન હોય, વિચારોમાં જડતા હોય, વર્તન યોગ્ય ન હોય ત્યાં ત્યાં તેને ચેતાવીને યોગ્ય કરવા કે કરાવવામાં પૂરો ભાગ આપવો પડશે તે પરત્વે બેધ્યાન રહેવાનું પરવડે તેમ નથી.** જો કે આપણી ભાવના એટલી બળવત્તર હોય તો કદાચ આપણને મળતા લાભમાં કોઈ ઓછાપણું ન આવે. **સ્ત્રી અને પુરુષે જીવનમાં એક થવાનું છે. આપણે જ્યારે કંઈ ને કંઈ લેવાનું હોય છે, ત્યારે કંઈ ને કંઈ આપવું પડે છે આપ્યા વિના જગતમાં કશું મળતું નથી. આપ્યા કરવાથી જ જગત નભી રહ્યું છે.** ઘરમાં પણ જે તે બધું આપણા ઉપયોગમાં આવ્યા કરે છે, એટલે જ તો તેને આપણે સાચવીએ છીએ 'બાબો' તમને પણ કંઈક આપે છે માટે વહાલો લાગે છે. તમે પણ તેને વહાલા લાગો છો કારણ કે તમે એને આપો છો. જગતમાં નિરંતર એવો આપ્યાનો વ્યવહાર ચાલ્યા કરે છે. એવા યજ્ઞમાં જેટલી આહુતિ અપાય તેટલી ઉત્તમ છે.

પૂ. શ્રી મોટાએ પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઉજળી બાજુ જોવાનો અનુરોધ કર્યો છે.

('હરિઃૐ ગુંજ' ઑક્ટોબર-૨૦૦૬, પૃ. ૧૭)

૧૫. રાગદ્વેષ

- હરેશભાઈ રાવળ, સુરત

રાગદ્વેષનું વિજ્ઞાન ક્યાંયે લખાયેલું નથી. પૂજ્ય શ્રીમોટા જણાવે છે કે આ પ્રભુએ જ લખાવ્યું છે એટલે ખરી શક્તિ તો હરિની જ છે. પૂજ્ય શ્રીમોટા પોતાની માતાનો પણ આભાર માને છે. કારમી ગરીબીમાં માતાએ એમનો ઉછેર કરેલો. ગરીબ તરીકે અનેક અન્યાય એમને સહન કરવા પડેલા તે તે સમયે રાગદ્વેષથી પ્રેરાઈને કશું ન કરવું એવી પ્રેરણા માતાએ જ આપ્યા કરી હતી.

જે વ્યક્તિમાં રાગદ્વેષ પ્રવેશે છે, તે મતાગ્રહી બને છે. પોતે જ સાચી છે એમ માને છે. આવી વ્યક્તિઓ એકબીજા સાથે કામ પાડતાં મતાગ્રહને કારણે અન્યોન્ય લડી મરે છે. **રાગદ્વેષની પકડથી વ્યક્તિ અન્યની નિંદા, ચાડીચુગલીમાં રાચે છે.** બીજા પ્રત્યેનો એનો સદ્ભાવ મરી જાય છે. ગેર સમજૂતો દ્વારા બે દિલ વચ્ચે ફૂટ પડાવે છે. અને કુસંપ પેદા કરે છે. **રાગદ્વેષનું મૂળ અહમ્ જ છે.**

જીવને મળેલાં કર્મમાં (પ્રાપ્ત કર્મ) ફાંસ મરાવવા માટે રાગદ્વેષ હંમેશા તત્પર હોય છે. બીજાના દોષ સુઝાડ્યા કરે છે. બીજામાંનું સત્તત્ત્વ ના જ નીરખે. રાગદ્વેષ ગેર સમજૂતી ઊભી કરે છે. દુશ્મનાવટ ઉગ્ર વધે, સુમેળ થવા ન દે, તકરાર જરી ભુલાવા ના દે, ઘા તાજો કરાવ્યા કરે. જીવનસત્ય લૂંટી લે, જીવનશક્તિ રફેદફે કરે, કદી બે દિલને એક થવા ન દે. **રાગદ્વેષને કારણે જીવથી પ્રભુમાર્ગે જવાય ના, સાધના-ધ્યાન થાય ના. રાગદ્વેષ ગયા વિના ક્યાંયે સુખચેન નહીં, નિરાંતે ઊંઘવા ન દે. રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે.**

જીવનમાં કાંટાની પેઠે આ રાગદ્વેષ ખૂબ ખૂંચતા હશે તો જ તેને મોળા પાડવાનું બની શકશે. રાગદ્વેષ મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની જીવનના ઊર્ધ્વમાર્ગ પરત્વેની વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી. **ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ કદી પણ નિર્મૂળ થઈ શકતા નથી.** સાધકનું અંતિમ લક્ષ્ય છે, આત્માનુભવ તે પ્રાપ્ત કરવા સાધનાપંથે યાહોમ કરીને સાધનાભ્યાસ કરવાથી જ જોમ અને ભાવ પ્રગટ થશે, એને માટે નામસ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન અને આત્મ નિવેદનનો આશ્રય લેતા રહેવાનું છે. સંસારનાં બધાં કર્મો પ્રત્યે ગૌણત્વ પ્રગટાવવાનું રહેશે, તો જ પ્રભુ પ્રત્યે લક્ષ જશે. જે ઈષ્ટદેવની આરાધના કરતા હોઈએ કે જે સદ્ગુરુનું માર્ગદર્શન સ્વીકારતા હોઈએ તેને સન્મુખ રાખતા રહેવું જોઈએ. **આમ ભજન કરતાં ભાવ જાગે છે. ભાવ ગાઢ થતો જાય તેમ તેમ રાગદ્વેષ મોળા પડતા જાય.** બીજાને પ્રભુનું સ્વરૂપ સમજી પ્રેમ આપવાનો છે. સદ્ભાવ સર્વ પ્રત્યે રહે તો રાગદ્વેષ મોળા પડે છે. પૂજ્ય શ્રીમોટાનું લખેલ રાગદ્વેષ પુસ્તક વાંચીને રાગદ્વેષ મોળા પાડવાનું સતકર્મ કરશો તો પૂજ્ય શ્રીમોટાના દિલને સંતોષ થશે.

રાગદ્વેષ પુસ્તકમાંથી સકંલન લખેલ

॥ હરિઃૐ ॥

સો વાતની એક વાત

આપણે તો હાલમાં જ્યાં ત્યાંથી પ્રભુના નામસ્મરણથી સાધનાના ભાવને પ્રેમભક્તિભાવે મજબૂત પકડી પકડીને એના ભાવમાં અને એના ભાવથી, સકળ કર્મ કર્યા કરીએ અને જીવની દ્વંદ્વાદિ પ્રવૃત્તિમાં ધમસાણથી આમથી તેમ ફેંકાવાની ક્રિયામાંથી બચી જવાનું જ્ઞાનભાવ એની કૃપાથી રાખ્યા કરીએ. એટલું હાલની કક્ષામાં આપણે કાજે બસ છે. માટે, કમ્મર કસીને બસ મંડવા જ માંડવાનું છે. **પ્રભુકૃપાથી કહું છું કે બસ જાગો, જાગો ને જાગો જ. જાગ્યા વિનાનું કોઈ પણ કશું કરવાપણું બધું નકામું છે. પૂરેપૂરું અંતરથી જાગી ગયા કેડે ગોઠે તો ઊંઘવું હોય તો ઊંઘો પણ પહેલાં તો બધાં જાગો એટલી પ્રાર્થના છે.**

'જીવનપોકાર', બીજી આ. પૃ. ૧૦૧

Name of the Public Trust : HARI OM ASHRAM, NADIAD
Trust Registration Number : E/1301/KAIRA **Registration date :- 30th March 1962**
Address : HARI OM ASHRAM, Post Box No.74, Nadiad - 387 001
Bank account No. of trust for Transaction of foreign contribution: Bank of Maharashtra A/c No :- 20148787997
F.C.R.A No. and Date : 042040022 , 05th January 1985

Balance Sheet as at 31st March, 2022

Funds and Liabilities	Rs.	Rs.	Property and Assets	Rs	Rs.
			Movable & Immovable Properties		
Trust Funds or Corpus					
Balance as per last Balance She	61,70,438		Balance as per last Balance	1,56,83,260	
Add : Addtion during the year	-	61,70,438	Additions during the year	5,200	
			Less : Assets Discard	-	1,56,88,460
Other Earmarked Funds			**Investments**		-
of the trust deed or scheme or out of the income)					
			Furniture & Fixtures		
Earmarked fund(as per Schedule	1,10,83,754		Balance as per last Balance Sheet		
Depreciation Fund(as per Sched	59,38,788		Additions during the year		
Sinking Fund	-		Less : Sales during the year		
Reserve Fund	-		Depreciation up to date		
Any Other Fund	-	1,70,22,542			
			Loans: (Secured or unsecured)		
Loans (Secured or Unsecured)			Loan Scholarships	-	
From Trustees	-		Other Loans	-	
From Others		-			
			Advances		
Liabilities			To Trustees		
For Expenses- unpaid sevak fun	2,52,051	2,52,051	To Employees		
For Rents and Other Deposits	-		To Lawyers		
For Sundry Credit Balances	24,780		To Others- (As per Schedule	16,69,735	16,69,735
Provisions- TDS	-	24,780			
			Cash & Bank Balances		
			Current A/c or Fixed Deposit & Saving Accounts	64,84,698	
			In F.C.R.A account no. BOM A/c No : 20148787997	6,946	
			Cash on hand (As per Schedule- D)	104	64,91,748
Income & Expenditure Account			**Income & Expenditure account**		
Balance as per last Balance She	(1,97,229)		Balance as per last Balance	-	
Less : Appropriation, if any	-		Less : Appropriation, if any		
Add.: Surplus/Less :Deficit			Add.: Deficit/(Less) :Surplus	-	
as per Income & Expenditure A/c	5,77,360	3,80,131	as per Income & Expenditure A/c		-
Total		2,38,49,943	**Total**		2,38,49,943

As per my report of even date

* Income Outstanding (if A/cs. are kept on cash basis

The above Balance Sheet to the best of our belief contains true account of the Funds and Liabilities and of the Property and Assets of the trustee.

For M.R.Pandhi & Associates
Chartered Accountants
Firm Registration Number : 112360W
Address. C-1108, The First, Near Keshavbaug Party Plot, Beside ITC Narmada Hotel, Vastrapur, Ahmedabad-380015. Ph. No. 40395890

A.R.Devani
Partner
Membership No: 170644
UDIN - 22170644APUAKI5688
Ahmedabad, Augest 24, 2022

For Hariom Ashram Nadiad

Jitendra Amin
Hari Om Ashram, Post Box No.74, Nadiad - 387 001

Managing Trustee
Hari Om Ashram
Nadiad-387001

Nadiad, Augest 24, 2022

Name of the Public Trust : HARI OM ASHRAM, NADIAD
Trust Registration Number : E/1301/KAIRA **Registration date :- 30th March 1962**
Address : HARI OM ASHRAM, Post Box No.74, Nadiad - 387 001
Bank account No. of trust for Transaction of foreign contribution: Bank of Maharashtra A/c No :- 20148787997
F.C.R.A No. and Date : 042040022 , 05th January 1985

Income & Expenditure Account for the year ending on 31st March 2022

Expenditure	Rs.	Rs.	Income	Rs	Rs.
To Expenditure in respect of properties			**By Rent**		
Rent, taxes, cesses			Accrued	-	
Repairs and maintenance		8,73,952	Realised	-	-
Insurance		17,775			
Other expenses (Land Mehsul & Land Measurement Expenses)		-	**By Interest**		
			On F D R interest	2,05,229	
			On Saving A/c	49,891	
To Establishment expenses					
As Per Schedule-G		11,12,723	**On Securities**	19,180	
			On Loans	-	
To Remuneration to Trustees			**On Bank Accounts**	-	2,74,300
To Legal expenses		-			
To Audit fees		24,780			
To Contribution and fees		19,958			
To Amounts written off			**By Dividends**		
(a) Bad debts					
(b) Loan scholarships			**By Donations in cash or in kind**		
(c) Irrecoverable rents			As Per Schedule-E		58,40,959
			From HUDCO		-
To Miscellaneous expenses			**By Grants**		
As Per Schedule-H		27,051			
			By income from other		
To Depreciation			**sources**		4,684
As per Schedue-B		8,80,052			-
To Amounts transferred to reserve or specific funds		-			
To Expenditure on objects of the Trust					
(a). Religious	-				
(b). Educational	24,20,000		**By Transfer from Reserve**		
(c) Medical relief					
(d). Relief of poverty	-				
(e) Other charitable objects					
(As Per Schedule-I)	1,66,292	25,86,292			
To Surplus carried over to Balance Sheet		5,77,360	**By Deficit carried over to Balance Sheet**		-
Total		61,19,943	**Total**		61,19,943

As per my report of even date

For M.R.Pandhi & Associates
Chartered Accountants
Firm Registration Number : 112360W
Address: C-1108, The First, Near Keshavbaug Party Plot, Beside ITC Narmada Hotel, Vastrapur, Ahmedabad-380015 Ph. No. 40395890

For Hariom Ashram Nadiad

Jitendra Amin
Hari Om Ashram, Post Box No.74, Nadiad - 387 001

M.R PANDHI & ASSOCIATES CHARTERED ACCOUNTANTS FRN-112360W AHMEDABAD

Managing Trustee
Hari Om Ashram
Nadiad-387001

A.R.Devani
Partner
Membership No: 170644
UDIN - 22170644APUAKI5688
Ahmedabad, Augest 24, 2022

Nadiad, Augest 24, 2022

ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

૧. ડાકોર નિવાસી પરમાર અમરસિંહ ભીખાભાઈનું તા. ૧-૧૧-૨૦૨૨ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.

૨. અમદાવાદ નિવાસી ભાવસાર જસવંતભાઈ કનૈયાલાલ, (કલ્પનાબેન ભાવસારના પતિ) તા. ૨૨-૧૧-૨૦૨૨ને મંગળવારના રોજ અવસાન પામ્યા છે.

૩. પૂજ્ય શ્રીમોટાનાં વ્હાલા અને શરીરનાં સંબંધે ભત્રીજી, તેઓના નાના ભાઈ શ્રી મૂળજીભાઈની દીકરી અને પરાગભાઈ ભક્તાના બહેન ડૉ. અચલાબહેન શાંતિલાલ ગાંધી, સુરતના નિવાસ સ્થાને તા. ૧૧-૧૨-૨૦૨૨ને રવિવારે શ્રીમોટા શરણ પામ્યા છે.

શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી હૃદયથી ભાવાજંલિ.

હરિઃૐ ગુંજન - આર્થિક સહયોગ

૧.	સુજ્ઞશ્રી મૃદુલાબહેન એમ. મુખી	રૂ. ૧૦૦૦/-
૨.	અ.સૌ. હરિતાબહેન ભરતભાઈ સોની	રૂ. ૫૦૦/-

હરિઃૐ આશ્રમ નડિયાદને મળેલ દાન

૧.	ઑક્ટોબર-૨૦૨૨	રૂા. ૬,૩૨,૩૦૫/-
૨.	નવેમ્બર-૨૦૨૨	રૂા. ૭,૬૬,૫૦૫/-
		કુલ રૂા.૧૩,૯૮,૮૧૦/-

શ્રીહરિ મોટા દાન આપનાર સ્વજનોનું યશ-કલ્યાણ પ્રેરે તેવી હૃદયથી પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ, નડિયાદમાં ઉનાળાના મહિના દરમ્યાન પડનાર પાણીની ખેંચને નિવારવાના ઉપાય તરીકે પાણીનો ઊંડો બોર બનાવવાની આવશ્યકતા હતી. તે આવશ્યક જરૂરિયાતને ધ્યાનમાં લઈને **દર્શિનીબહેન જગતભાઈ કોન્ટ્રાક્ટર** દ્વારા ૧૪૦ ફૂટ ઊંડો બોરવેલ બનાવીને અંદાજે રૂા. ૧,૯૦,૦૦૦/-નું આર્થિક ભારણ આશ્રમને ન પડે તેવા ઉમદા હેતુથી સ્વ ખર્ચે તૈયાર કરાવી આપ્યો. આનાથી મૌનમંદિરના મૌનાર્થીઓ અને આશ્રમને સુગમતા રહેશે. શ્રીહરિ મોટા તેઓ બંનેને યશ-કલ્યાણ પ્રેરે અને તેઓની આધ્યાત્મિક ઉન્નતિ કરે તેવી હૃદયથી પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ, નડીઆદ

ઉત્સવ/તહેવારની યાદી

- **તા. ૨૯-૦૧-૨૦૨૩, રવિવાર** — વસંતપંચમી
(વિગતવાર કાર્યક્રમ તેમજ ઉત્સવના સ્થળ સહિતની માહિતી ટાઇટલ પેજ નં. ૨ ઉપર આપેલી છે.)
- **૩૦-૦૩-૨૦૨૩, ગુરુવાર** — રામનવમી (પૂજ્ય શ્રીમોટા સાક્ષાત્કાર દિન ઉત્સવ સુરત આશ્રમ દ્વારા ઉજવાતો હોઈ વધુ વિગત સુરત દ્વારા આપવામાં આવશે.)
- **૦૩-૦૭-૨૦૨૩, સોમવાર** — ગુરુવ્યાસ પૂર્ણિમા (ગુરુપૂર્ણિમા)
- **૦૮-૧૦-૨૦૨૩, રવિવાર** — પૂજ્ય શ્રીમોટાનો પ્રાગટ્યદિન (જન્મદિન)
તિથિ મુજબ ભાદરવા વદ ચોથ
તા. ૦૨-૧૦-૨૦૨૩, સોમવાર
- **૨૪-૧૦-૨૦૨૩, મંગળવાર** — વિજયાદશમી - ધ્વજારોહણ (આસો સુદ ૧૦)
- **૧૨-૧૧-૨૦૨૩, રવિવાર** — દિવાળી - દિપાવલી (ચોપડાપૂજન)
- **૧૪-૧૧-૨૦૨૩, મંગળવાર** — નૂતન વર્ષાભિનંદન
વિક્રમ સંવત ૨૦૮૦ પ્રારંભ

વિશેષ નોંધ :

(૧) દરેક સ્વજનશ્રીઓએ સરકારશ્રી દ્વારા કોરોનાની સ્થાયી સૂચનાઓ તેમજ વખતોવખત બહાર પાડવામાં આવેલી સૂચનાઓનો અમલ સ્વયંશિસ્ત જાળવીને અચૂક કરવાનો રહેશે.

(૨) ઉત્સવની ઉજવણીનું સ્થળ ઘોષિત કરેલ ન હોય ત્યારે હરિઃૐ આશ્રમ, નડીઆદમાં ઉજવાશે.



પૂજ્ય શ્રીમોટાને દીક્ષાદિને અંજલિ-મંગલાષ્ટક

(શાર્દૂલવિક્રીડિત)

આજે મંગલ ''પંચમી'' જીવનનાં માંગલ્યના જન્મની !
કેવી ધન્ય પળો ગુરુમિલનની ચૈતન્ય ''દીક્ષા'' મળી !
જેનાં અંતરમાં અખંડ પ્રગટી ઓજસ્વી દીપાવલિ !
એવા ચેતનરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૧

સીતારામ તણા પવિત્ર યુગનો આદર્શ ઊંચો અતિ,
પ્રત્યક્ષે પ્રગટાવીને જીવનમાં જે દિવ્ય પામ્યા સ્થિતિ;
જેણે સ્વાર્પણ યજ્ઞમાં હર પળે આહુતિ અર્પ્યા કરી,
એવા ત્યાગ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૨

જેનાં અંતરમાં રમે હર પળે દૈવી પ્રભુચેતના,
જેની આત્મનિકુંજમાં વિકસતી અંતર્મુખી ભાવના;
સાકારે પ્રભુ દિવ્ય પ્રેમ સ્વરૂપે પ્રત્યક્ષ જેનાં મહીં,
એવા પ્રેમસ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૩

શ્વાસોશ્વાસ મહીં વહે જીવનનું સંગીત જેનાં હૃદે,
સંસારે સ્થૂળ ત્યાગ-ભોગ પર જે આનંદ હૈયે રમે !
સાષ્ટાંગે પ્રણિપાત આજ કરતાં ભાવાશ્રુ ધારા વહી !
એવા દિવ્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૪

જેનું દ્વૈત થયું વિલીન જગમાં અદ્વૈતના ભાવમાં,
આત્માનંદ મહીં સદા વિહરતા તાદાત્મ્ય આધારમાં ;
જેના ચેતન સંગથી સ્વજનની ઊર્ધ્વે ગતિ થાય શી !
એવા ચૈત્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૫

આજે શ્રી હરિઃૐ તણા સ્તવનથી ગાજે ગિરિ-કંદરા,
પ્રેરે જે ઉરસ્પંદને ધબકતી આ મંત્રની ચેતના !
શીળી ને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ જવાલા સમી !
એવા જ્ઞાન સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૬

આજે ધન્ય ઘડી પ્રભુમિલનની ચૈતન્યના જન્મની !
તારા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો પાવની;
અર્પી તેં પ્રભુપાદમાં જીવનના ઐશ્વર્યની અંજલિ,
એવા ભક્તિ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૭

હૈયાના શુભ ભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા !
વ્હેજો આ ગુરુભાવ ગંગહૃદયે એવી પદે પ્રાર્થના !
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના !
આહુતિ દઈને અખંડ દિલની પામું તને સર્વદા. ૮

સરોજબહેન કાંટાવાળા

(Printed Matter)
RNI No. GUJGUJ/2018/76364
Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL